
બીજી • આવૃત્તિ


Publication-120

૧૩૫ વર્ષ પહેલાના ગુજરાતના મુસલમાનોનો ઈતિહાસ



સંપાદક
હાજી અસદ અલ-બકીલી (વલસાડ)

પ્રકાશક


realpatidar.com
બીજી • આવૃત્તિ
Publication-120
૧૩૫ વર્ષ પહેલાના ગુજરાતના
મુસલમાનોનો ઈતિહાસ
India
Gujarat
સંપાદક
હાજી અસદ અલ-બકીલી (વલસાડ)
પ્રકાશક
realpatidar.com

(૧) ગુજરાતની મુસલમાન વસ્તી

બ્રિટીશ ખાલસા પાંચ જીલ્લામાં ૨,૮૮,૨૩૦ તથા કચ્છ, કાઠિયાવાડ, પાલનપુર, મહીકાંઠા, રેવાકાંઠો, વડોદરા, ખંભાત, સુરત એજન્સીમાં ૭૦,૫૦૯૪ મળીને ૯,૯૩૩૨૪ મુસ્લિમ વસ્તી છે.

ગુજરાતના મુસલમાનોમાં થોડોક ભાગ પરદેશી લોહીના અંશવાળો છે પણ મોટો ભાગ હિંદુમાંથી ધર્મ પરિવર્તન કરી મુસલમાન બનેલાઓનો છે. સાતમી સદીની વચમાંથી તે અઢારમી સદીના આખર સુધી પરદેશી મુસલમાનો ગુજરાતમાં આવતા રહયા, ગુજરાતમાં પહેલા આવનાર આરબો હતા. તેઓ બગદાદના વહાણના કાફલાના ખલાસી તથા સિપાઈને ગુજરાતના કાંઠા લૂટવા કે જીતવા ૭–૮–૯ સદીમાં મોકલવામાં આવ્યા હતા. બીજા આવનારા તે ઈરાની અખાત તરફના વેપારી હતા તે ઘણાક ૯–૧૦ મી સદીમાં ગુજરાતના મોટા શહેરોમાં આવી રહયા હતા. અણહિલવાડના રજપૂત રાજા તેઓના ઉપર મહેરબાની રાખતા ને તેઓને પોતાનો ધર્મ પાળવાની, મસ્જીદ બાંધવાની છૂટ આપતા. પછી ઉત્તર તરફથી ૧૧–૧૨ મી સદીમાં હુમલા કરનારા આવ્યા તો પણ અલિફખાને ઈ.સ. ૧૨૯૭માં ગુજરાતની હકૂમત મેળવી ત્યાં સુધી કાંઠાના થોડાક શહેર સિવાય ગુજરાતમાં બહુ થોડા મુસલમાન હતા. ૧૩મી સદીની આખરથી તે ૧૭મી સદીની આખર સુધીમાં ખુશકી તથા દરિયાથી પરદેશી સિપાઈ, વેપારી, રાજયના આશ્રયે આવેલા ગુલામો, એ સૌએ ગુજરાતમાં આવ્યા કર્યા. વળી સોળમી સદીની શરૂઆતમાં શીઆ વેપારી વહોરા મુલ્લા, થોડાક માણસો સાથે યમનથી આવ્યા. સત્તરમી સદીના વચગાળામાં જંજીરાના સીદી તે મોગલ કાફલાના સરદાર સૂરતમાં રહેતા થયા અને ૧૮મી સદીમાં પગાર લઈ સિપાઈની નોકરી કરવા આરબો અને ઈરાનથી ભાગેલા તે આવ્યા.

દેશીઓ ધર્મપરિવર્તન કરી મુસલમાન થયેલા, તેમાં કેટલાક સમજાવવાથી ને કેટલાક દબાણથી થયા હતા. ધર્મનો બોધ આપનારા

ભણેલા પોતાની ખુશીથી કે બાદશાહના બોલાવવાથી ગુજરાતમાં આવેલા. અને તેમના સમજાવવાથી કેટલાક હિંદુ મુસલમાન થયા હતા. અલીફખાને (ઈ.સ. ૧૨૯૭ થી ૧૩૧૭) હકૂમતના જોરે અણહિલવાડથી ભરૂચ સુધી મુસલમાન ધર્મ દાખલ કર્યો હતો અમદાવાદના ત્રણ બાદશાહ, સુલ્તાન મહમદ, મહેમૂદ બેગડોને, મહમૂદ બીજાએ ઈસ્લામ ધર્મના ફેલાવો કરવામાં ઘણી મહેનત કરી હતી. વળી દિલ્હીના બાદશાહ જહાંગીરઅને ઓરંગઝેબ એ પણ હિદુઓને મુસલમાન બનાવવાના પ્રયત્નો કર્યા હતા.

પરદેશી મુસલમાનમાં સૈયદ, આરબ, શેખ, મોગલને પઠાણ અને બીજા ૧૭ જથ્થા છે. તેની હકીકત પરથી જણાય છે કે તેઓ પરદેશી ઔલાદના અંશવાળા છે એ વર્ગના મરદ ઘરમાં ઉર્દૂ બોલે છે અને જો કે તેઓના ચહેરા જુદા નથી દેખાતા તો પણ તેઓના દેખાવથી, વાળ રાખવાની તરેહથી, પહેરવેશની છટાથી તેઓ ઓળખાઈ આવે છે એ વર્ગની સ્ત્રીઓ દેખાવમાં સરખી જ છે. પણ નવા આવેલા પઠાણની સ્ત્રીઓ વધારે મોટી તથા ચામડીના રંગમાં વધારે ઉજળી છે.

ગુજરાતેના મુસલમાનોમાં સુન્ની અને શિયા ધર્મના લોકો છે મુસલમાનોની મૂળ વસ્તી ૯,૯૩,૩૨૪ છે જેમાં ૫૦૭૪૪૦ સુન્ની છે. અને ૪૨૨૭૯૩ શિયા છે. અલીફખાન (૧૨૯૭–૧૩૧૭) અમદાવાદના બાદશાહ મુજફ્ફરશાહ, અહમદશાહ પહેલો મહેમૂદ બેગડો તથા મોગલ બાદશાહ જહાંગીર–ઓરંગઝેબે સુન્ની વર્ગનો ફેલાવો કર્યો. શીયા વર્ગનો ફેલાવો ખંભાતના નવાબ તેના દરબારના ઈરાની અમીરો તથા મુસતાલી ઈસ્માઈલ, અબ્દલ્લા (૧૧૩૦) કુતબુદ્દીન (૧૪૦૦) તથા તેની ઓલાદે કર્યો તથા શાહ તાહિરે ૧૬માં સૈકામાં કર્યો.

(૨) પરદેશથી આવી ગુજરાતમાં વસેલી મુસ્લિમ જ્ઞાતિઓ

(૧) સૈયદ :-

ગુજરાતના બધા ભાગમાં સૈયદો છે. ગુજરાતમાં સૈયદોના નવ કુળ છે તેમાં ઐદ્રુસના મૂળ પુરુષ ઈ.સ. ૧૫૫૦માં અરબસ્તાનથી આવેલા એ કૂળના શાખાવાળા કાઠિયાવાડ, કોંકણ સાવંતવાદીમાં છે. સૈયદો પયગમ્બર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ના દિકરી ફાતિમા (રદિ.) તથા એમના ખાવિંદ હઝરત અલી (રદિ.) ની ઔલાદના કહેવાય છે. ગુજરાતમાં મુસલમાની હકૂમત વખતે જે સૈયદો તુર્કસ્તાન અરબસ્તાન, અને મધ્ય એશિયામાંથી આવેલા તેમના કૂળના જેઓ છે તેઓ દેખાવમાં જુદા પડે છે. અરબસ્તાનથી આવેલા કુટુંબના જે છે તેઓ ગોરી ચામડીના, સફાઈદાર, ચહેરાના અને કાળી આંખના છે. માથુ બોડાવેલું હોય છે પણ જો વાળ વધારવા આવે તો એની મેળે વાંકડીયા થાય છે. ધર્મગુરૂઓ લાંબી દાઢી રાખે છે ને સિપાઈ ટુંકી દાઢી રાખે છે. સૈયદ પોતાનું ઉચું કૂળ જણાવવા નામની આગળ સૈયદ કે મીર અથવા નામની પાછળ શાહ જોડે છે. અને તેમની સ્ત્રીઓ નામની સાથે બેગમ ઉમેરે છે. ગુજરાતમાં સૈયદ કુળ નવ છે. સૈયદના દિકરા સૈયદ, અરબ, પઠાણ, મોગલ અને શેખમાંના કોઈ પણ વર્ગમાંથી છોકરી લાવે છે. કોઈ વખત બીજા પણ ઉચી સ્થિતિના મુસલમાનોમાંથી પણ દિકરી લાવે છે. સૈયદની દિકરી સૈયદને જ પરણે છે. સૈયદ બધા ધંધા કરે છે. ગરીબ તે નોકરી કે સિપાઈગીરી કરે છે. પણ કેટલાક કુટુંબના ધર્મગુરૂ કે પીરી મુરીદી કરે છે. થોડાક સૈયદો માલદાર છે. સૈયદોએ માંગવુ એમાં આબરૂ નથી એમ સમજે છે ધર્મમાં સૈયદ સુન્ની છે પણ ઉત્તર ગુજરાતમાં કોઈ કોઈ અંરદથી શીઆ છે. પણ બહાર થકી સુન્ની પણુ દેખાડે છે. શહેરમાં રહેનારા સૈયદો પોતાના છોકરાઓને શાળામાં ભણવા મોકલે છે.

(૨) અરબ :-

ગુજરાતમાં અહી તહી છૂટા છવાયાવેલા છે. નવા આવનારને વિલાયતી કહે છે. તેઓ ઘરમાં ઉર્દૂ બોલે છે. પણ ગળામાંથી અવાજ વધારે કાઢે છે. કેટલાક વર્ણને બદલી નાંખે છે. ઘરમાંની ગોઠવણમાં બીજા મુસલમાનથી આટલું વધારે કે કપડાંની ચન્નીમાં અબરખની તખ્તી મુકાવે છે. ઘરમાં ચિત્રો નથી રાખતા. કામના વાસણ નહિ પણ તેઓની અભરાઈ ઉપર તાંબા, પિત્તળની થાળી, રકાબી, ખૂમચા, પ્યાલા હોય છે. તહેવારો પર ગોસ્ત અને ઘઉંનું (ખીચડો) પકવાન બનાવે છે. તે સિવાય હંમેશના માટે તેઓનો ખોરાક બીજા મુસલમાનથી જુદો નથી. તવંગર અરબોનો લીબાશ પહેરે છે. સફેદ રેશમી કે સુતરાઉ, દુપટ્ટો, પહોળી ચીપ માથે વીટાળેલો, લાંબો ઝબ્બો, ઉન કે ગરમ સુતરનો, સાદો કે બુટ્ટાવાળો ઉનનો પણ રેશમની ભરતનો કબ્જો ઘુંટણ સુધી આવતો સદરો, સૂરવાલ, મરાઠાના જેવી ત્રણ ખૂણાની પાઘડી, કમરે બાંધેલા કપડામાં ખોસેલો જમીઓ, સુરવાળ થોડી ટૂંકી એ સિવાય ગરીબ અરબનો પહેરવેશં બીજા મુસલમાનોથી જુદો નથી થોડાક અરબો વેપાર ધંધો કરે છે પણ ઘણા દેશી રજવાડામાં રખેવાળીની નોકરીમાં કે શાહુકારોને ત્યાં ચોકીદારીની નોકરી કરે છે કે શાહુકારોને ત્યાં ચોકી પણ અરબોની જ હોય છે. ઘણા ગરીબ અરબો દેશી રાજયોમાં છેત્યાં તેમને નિયમિત પગાર ન મળવાથી તેઓ કરજમાં ડુબેલા રહે છે. ધર્મમાં વિલાયતી અરબો શાફિઈ મસ્લક પર ચાલનારા છે તેઓ ધર્મના ફરમાનો દિલથી અને ચોકસાઈથી બજાવે છે. એમના નામ સાદા હોય છે. બિસ્મિલ્લાહની ક્રિયા તેઓ કરતા નથી. શાદી–નિકાહ સહેલી રીતથી કરે છે. પયગમ્બર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ના હુકમ મુજબ તેઓ મરણનો શોકની નિશાની રાખતા નથી. આરબો બીજા સુન્ની મુસલમાનો સાથે બેટી વહેવાર રાખે છે. તેઓમાં સંસારી કે ધર્મ સંબંધી જુદા તડા નથી. કેટલાક છોકરાઓ કુર્આન શીખે છે. પણ કોઈને બીજી ભાષા વાંચતા લખતા શીખવવામાં આવતી નથી.

(૩) પઠાણ :-

પઠાણ ગુજરાતમાં બધેજ વસેલા છે તેઓ અસલ અફઘાનીસ્તાનના છે. મરદ પોતાના નામની સાથે ખાન અને સ્ત્રીઓ ખાતૂન જોડે છે. તેઓ લશ્કરી સિપાઈ તથા વેપાર માટે ગુજરાતમાં આવેલા અને અહી વસી ગયેલા. નવા આવેલાને વિલાયતી કહેવાય છે. આમ પઠાણમાં બે વર્ગ પડે છે. જેના વસેલાઓની ઔલાદ બીજા મુસલમાનો સાથે ભળી જવાથી તેઓના ચહેરા તથા ખાસીયત જુદી પડતી દેખાતી નથી. પણ નવા વસનારા પોતાના દેખાવ થકી, જુદા ઓળખાઈ આવે છે. થોડાક વેપારી તથા થોડા સોદાગર સિવાય બાકીના બધા લશ્કરી સિપાઈ છે. ધર્મમાં સુન્ની મુસ્લિમ છે.

(૪) શેખ :-

શેખ ગુજરાતમાં બધે જ છે. શેખ એટલે વડો અને એ ઈલકાબ હઝરત અબૂબકર (રદિ.) હઝરત ઉમર (રદિ.) અને હઝરત અબ્બાસ (રદિ.) ની ઔલાદના છે. પણ હાલ શેખ સાધારણ માનના અર્થવાળો હોઈ પરદેશી તથા દેશી બન્નેની ઓલાદવાળા નામ સાથે જોડાય છે. મરદ નામની પહેલા શેખ કે મુહમ્મદ મુકવામાં આવે છે. ને સ્ત્રીઓના નામની પાછળ બીબી મુકાય છે. તેઓ બધાજ ધંધા કરે છે. ઘણા કે જો કે ધર્મ ઉપર ચુસ્ત છે તો પણ સૈયદ કરતા શેખ ઓછા લાગણીશીલ છે. તેઓ છોકરાઓને કોઈપણ કેળવણી મળે તેવું ઈચ્છે છે. અંગ્રેજી ભણનારા છોકરાઓની સંખ્યા શેખ ખાનદાનમાં વધી રહી છે.

(૫) મોગલ :-

એ બે વર્ગમાં છે ઈરાનથી આવેલા અમીર તથા વેપારીની ઓલાદના અને હિન્દુસ્તાનની બાદશાહી માંડનાર તાતારી મોગલની ઓલાદના અમદાવાદ અને ભરૂચમાં જુજ છે. જયારે ખંભાત અને સુરતમાં વધારે છે. જેઓ નામની પહેલા મિર્ઝા ને પાછળ બેગ જોડે છે. જેમકે મીર્ઝા મહમદબેગ અને સ્ત્રીઓ નામની સાથે ખાનમ જોડે છે. જેમકે હુસેની ખાનમ કેટલાક

વેપારી છે ને બીજા સરકારી નોકરીમાં છે. મોટો ભાગ સારી હાલતમાં છે. શીયા ધર્મ પાળે છે. ને તેઓ ધર્મ ક્રિયા કરવામાં ચુસ્ત છે. જેઓ બીજા મુસલમાનથી અલગ રહે છે. તેઓની મસ્જીદ જુદી જ છે. તેઓ પોતાનામાંજ શાદી કરે છે. ઈરાની મોગલોએ બીજા મુસલમાન કરતા ઘણી ઓછી રીતભાત હિંદુઓની લીધી છે. બીજા વર્ગના મોગલો ગુજરાતમાં બધેજ છે. તેઓ મરદ અને ઓરતોના નામ તો ઈરાની મોગલો જેવા જ રાખે છે. તેઓ દેખાવમાં બીજા મુસલમાનોથી જુદા નથી પડતા ફકત ચામડીના રંગમાં વધારે ઉજળા છે. ઘણો ભાગ ગરીબ છે. ઘણાક સિપાઈગીરી કરે છે. તેઓ ધર્મે સુન્ની છે.

(૬) બલુચી :-

ગુજરાતના ઘણા ભાગોમાં છે. બલુચિસ્તાનથી આવી વસેલા તેની અવલાદના છે. તેઓના ઘણા જથ્થા છે પણ એકબીજા સાથે શાદી વહેવાર રાખે છે. ઘણા ગરીબ છે (મસ્લક) સુન્ની છે.

(૭) મકરાણી :-

થોડા છે પણ બધેજ છે તેઓ મકરાણી કાઠામાંથી અત્રે આવેલા છે. તેઓ લશ્કરી સિપાઈમાં રહેવા આવતા અને હજુ આવે છે. તેઓના જથ્થા નથી. મરદ લશ્કરમાં સિપાઈને ચોકીદાર ઓરતો ઘર કામ કરે છે. અને કાંતે છે. ઓરતો જાહેરમાં દેખાતી નથી. મકરાણી ગરીબ છે ને ઘણાક તો કરજદાર છે. તેઓ સુન્ની છે. કેટલાક કુર્આન શીખે છે અને નમાઝ પઢે છે. તેઓ ગરીબ મુસલમાનની બેટી સાથે શાદી કરે છે. કેટલાક હિંદુ સ્ત્રીઓને રાખે છે.

વ્યસન મુક્ત બનો, રક્તદાન કરો, નિડર બનો, સ્વચ્છંદી નહી.

(૩) હિંદુઓમાંથી ધર્મપરિવર્તન કરી મુસલમાન થયેલા

ગુજરાતના મુસલમાનોમાં ઘણાખરા હિંદુ વંશના છે. તે સૌ મળીને ૭૮ વર્ગમાં મુકાય છે. ધર્મ સંબંધમાં ૯ વર્ગ છે. વેપાર ધંધાના સબંધમાં ૫ વર્ગમાં મુકાય છે. જમીનના સબંધમાં ૧૮ વર્ગ હુન્નર કારીગીરીના સબંધમાં ૨૨ વર્ગમાં નોકરી સબંધમાં ૧૦ વર્ગમાં, મજુરી સબંધમાં ૧૪ વર્ગ છે એ ૭૮ વર્ગમાં ૬૫ વર્ગ સુન્ની છે, ૯ વર્ગ શિયા અને હુસેનિયા બ્રાહમણ, કમાલિયા માતિયા કણબી, ને શેખડા એ ચાર સુન્ની કે શિયા બેમાંથી એકમાં પણ નથી. ઈ.સ. ૧૮૭૯માં બહાર પડેલ સર્વ સંગ્રહ પુસ્તક મુજબ ૭૮ વર્ગ છે તેનો અલગ અલગ પરિચય ક્રમવાર આપણે જોઈશું.

(૧) મેમણ :-

(વેપારી વર્ગ) મેમણ ગુજરાતના બધાજ ભાગમાં છે. પણ ઘણુ કરીને સુરત, ઘોઘા, ધોલેરા, ધોળકા, કાઠિયાવાડ, કચ્છમાં વધુ છે. કચ્છના મેમણ અસલ લુહાણા હતા. કાઠિયાવાડના હાલાઈ લુહાણા અને કાછીયામાંથી છે એ લોક ગાંધીની વસ્તુઓ કપડા, અને બીજી પરચુરણ વસ્તુઓનો ધંધો કરે છે તેઓના નાકીતડાના સુન્ની પંથના છે કચ્છી મેમણ ઈ.સ. ૧૪૨૨માં સીધમાં મુસલમાન થયા. તેઓને સંબોધનાર સરફુદ્દીન નામનો અરબ હતો. તેણે સુંદરજી અને હંસરાજ એ બે લુહાણાને પ્રથમ મુસલમાન બનાવ્યા તેની સાથે બીજા કેટલાક પણ મુસલમાન થયા. સવાસો વરસ પછી કેટલાક મેમણો કચ્છ આવ્યા અને ત્યાં તેઓનો મોટો જથ્થો રહયો. ત્યાર બાદ તેઓ ગુજરાતમાં આવ્યા અને હાલ મુંબઈ, કલકત્તા મસ્કત, જંગબાર, મોરીસ, અને પૂર્વ તરફ મોલમન અને સિઆમમાં છે. દીનમાં સરખા છે તો પણ કચ્છીઓ હાલાઈ સાથે શાદી કરતા નથી. બન્ને જથ્થા દેખાવમાં તથા પોશાકમાં ઘણા જૂદા પડે છે. મેમણ ઘરમાં કેટલાક ગુજરાતી બોલે છે અને ઘણા કચ્છી તથા હાલાઈ પણ બોલે છે. શહેરના મેમણ માથે દુપટ્ટાની

realpatidar.com

મોગલ જેવી પણ વધારે મોટી પાઘડી બાંધે છે. હિન્દુ તરેહનો અંગરખો અને ઘૂંટણ નીચેથી બેસતો આવતો લેંઘો પહેરે છે. ગામડાના મેમણને રજપુત જેવા પહેરવેશ પહેરે છે. શહેરના અને ગામડાની મેમણ સ્ત્રીઓ મુસલમાન જેવો અને કોઈકે હિન્દુ જેવો પહેરવેશ પહેરે છે કચ્છના મેમણ બધી જાતના ધંધા કરનારા છે હાલાઈ તે માગડીયા છે સ્ત્રીઓ જાહેરમાં દેખા દે છે. તેઓની હાલત સારી છે. ઘણા કુર્આન જાણે છે. અને તેઓ બંદગી કરવાની કાળજી રાખે છે. કચ્છી મેમણોનો દીનનો એક ખાસ વડો છે. હાલાઈનો મુખી પંજાબના સરહિંદમાં રહે છે. જે દર પાંચ વરસે ગુજરાતમાં આવે છે. એક મુખી તો ધોરાજીમાં જ રહે છે. એ મુખી બાર મદદનીસ સાથે કુરાનના ફરમાનથી ઉલટા ચાલનારને દંડ કરવાની સત્તા ધરાવે છે. તેઓ પોતાના છોકરાઓને ગુજરાતી શીખવે છે કોઈ કોઈ અંગ્રેજી પણ શીખવે છે મેમણ આબાદી ભરેલી હાલતમાં છે.

(૨) મલેક :-

(જમીન સબંધી વર્ગ) આ વર્ગ હિન્દુમાંથી મુસલમાન થયેલો છે. ગુજરાતમાં બધેજ છે આ લોકો ઉંચા અને સારા ચહેરાવાળા છે. ઉત્તરમાં તેઓ ગુજરાતી અને દક્ષિણમાં ઉર્દુ બોલે છે. મરદોમાં કેટલાક કાઠીનો જેવો પહેરવેશ પહેરે છે. અને બીજાઓ મુસલમાની પહેરવેશ. સ્ત્રીઓનો ઉત્તરમાં પહેરવશે હિન્દવાણી જેવો અને દક્ષિણમાં મુસલમાન જેવો છે. તેઓ જમીનદાર અને ખેડૂત છે. કેટલાક સરકારી નોકરી કરે છે ખાસ કરીને સિપાઈની સ્ત્રીઓ કાંતે છે. ખેતરમાં કામ કરતા નથી. તેઓ સુઘડતાથી રહે છે. અને ઈમાનદાર છે. સ્ત્રીઓ જાહેરમાં દેખાતી નથી. ઘણા ગરીબને કરજદાર છે તેઓ સુન્ની છે શાદી અને બીજી રીતભાતમાં તેઓ બીજા મુસલમાન થયેલા રજપૂતો જેવા છે. કોઈ કોઈ કુર્આન પઢે કે બંદગી કરતા હશે.

(૩) સીદી :-

પરદેશથી આવેલા જે ઓબીસીનયન કે હબશી કહેવાય છે તેઓ થોડા થોડા ગુજરાતમાં બધા ભાગમાં છે. આફ્રિકાના રહેવાસી જુદી જુદી જાતના પણ ઘણુ કરીને સોમાલીકાંઠાના છે તેમને ગુલામ તરીકે હિન્દુસ્તાનમાં આણેલા છે. હલકી જાતના મુસલમાનની જેમ તેઓ રહે છે. તેઓ કોઈ વખત દશફુટ ઘેરાવાની ઝુપડી બાંધે છે એની ભીંત માટીની, છાપરૂ ગોળ અને પરાળ ઘાસનું, પહેરવેશ મરદ ઓરતોનો ગરીબ મુસલમાનના જેવો જ છે. તેઓ ઘરકામની નોકરી કરે છે. ભીખ માંગે છે. સીદીઓને કેફ કરવાનો અને નાચવા ગાવાનો બહુજ શોખ છે. તેઓ સુન્ની છે થોડાક કુર્આન જાણે છે. તેઓ પીર બાવાગોરને ઘણુ માને છે. બાવાગોર ઓબીસીનિયાના ફકીર અને મોટા વેપારી હતા. તેમની કબર રાજપીપળા પાસે રતનપુરની ડુંગરી પર છે. સીદીઓને બીજાની નકલ કરતા જલ્દી આવડી જાય છે. શાદી કે તહેવારના દિવસે ઓરતો ને મરદો એકઠા થઈ ગોળ કુંડાળામાં ફરે છે. નાચે છે ગાય છે ઢોલક અને ઝુણઝુણો એમનું વાજિંત્ર વગાડે છે. ભીખ માંગવા નીકળે છે ને બાવાગોરના વખાણના ગીત ગાય છે. માંહે માંહેજ પરણે છે અહીંના સીદી વિલાયતી (બહારથી આવનાર) ને દીકરી આપતા નથી. તેઓની જમાત છે કોઈ મુખી કે કાયદા નથી.

(૪) સિપાઈ :-

ગુજરાતમાં બધા ભાગમાં છે. કેટલાક પરદેશથી આવી વસેલા છે અને બીજા ચૌહાણ, રાઠોડ, પરમાર, ચાવડા વગેરે રજપુતોમાંથી મુસલમાન બનેલા છે. કાઠીયાવાડના સિપાઈ ગુજરાતી બોલે છે. જયારે બીજા ભાગના ઉર્દૂ બોલે છે. બીજા મુસલમાનો સાથે શાદી વહેવાર કરે છે. કાઠિયાવાડમાં હિન્દુ જેવો પણ બીજે બધે મુસલમાની પહેરવેશ પહેરે છે. ખેતી કરે છે. મજુરી કરે છે. સરકારી નોકરીમાં સોલજર, કોન્સ્ટેબલ અને સંદેશ પહોંચાડનારનું કામ કરે છે. સુન્ની છે. ઘણાની સ્થિતિ ખરાબ છે.

(૫) ઘાંચી :-

ગુજરાતમાં બધેજ છે પણ ઉત્તરમાં વધારે છે. કેટલાક ઠેકાણે તેઓ ઘાંચી વહોરા કહેવાય છે. તેઓ હિંદુ ઘાંચી અને પીંજારામાંથી મુસલમાન થયેલા છે. તેઓ સુન્ની છે પોતાને મનસુર ના મત, મનસુરી કહેવડાવે છે. ગોધરાની સ્ત્રીઓ દીની ફરમાન પાળે છે તે સિવાય દીનનું વધુ કશુ જ જાણતા નથી. ઘરમાં ગુજરાતી બોલે છે. મરદોનો પોશાક મુસલમાન જેવો જ છે. પણ ઘણી સ્ત્રીઓ હિન્દુ જેવો પહેરવેશ પહેરે છે. મરદો ગાડા હાંકવાનો ઘાણીથી તેલ કાઢવાનો, દૂધ વેચવાનો અને ખેતીનો ધંધો કરે છે. સ્ત્રીઓ દૂધ વેચે છે અને ઘરનું કામ કરે છે. તેઓ જથ્થાબંધ તેલ હિન્દુ ઘાંચીઓને વેચી આવે છે. તેઓ પોતાના જથ્થામાં જ શાદી કરે છે. દીનના મુખી સાથે તેઓ પોતાનો જથ્થો જુદો રાખે છે.

(૬) તાઈ :-

ગુજરાતના બધા ભાગમાં છે. તુર્કસ્તાન અને અરબસ્તાનની વચ્ચે આવેલા તાઈ નામના શહેર ઉપરથી આ લોકોનું નામ તાઈ પડયું છે. પયગમ્બર ઈદ્રીશ (અલયહિસ્સલામ) એ તેઓને વણતા શીખવાડયુ એમ કહેવાય છે. ગુજરાતમાં કેટલા હજાર વર્ષ પહેલા સિંધથી આવેલા અને બીજા તે ગુજરાતના હિન્દુઓમાંથી મુસલમાન બનેલા છે તેઓ ઘરમાં ઉર્દૂ–ગુજરાતી બોલે છે. વલસાડના તાઈ પોતાને આરબની ઓલાદમાંથી હોવાનું કહે છે. વલસાડના થોડાક તાઈ કુટુંબ શાહુકારી પેઢી રાખે છે. તાઈનો પહેરવેશ મુસલમાની છે. પણ ગામડામાં હિંદુ જેવો છે. તાઈઓ સુતરાઉ કપડાની પાઘડીઓ વણે છે. તેઓ ભલા ઈમાનદાર અને મહેનતુ છે. ધંધામાં સારું મળતુ નથી તેઓ ગરીબ છે તાઈ સુન્ની છે. અમદાવાદ અને સુરતના તાઈ દીનના ચુસ્ત છે. પાંચ વખતની નમાઝ મસ્જિદમાં જઈ પઢે છે. પોત પોતાના જથ્થામાં દરેકનો મુખી હોય છે. શાદી પોત પોતાનામાંજ કરે છે. તેઓ છોકરાઓને કુર્આન શીખવા મુલ્લા પાસે મોકલે છે. પણ તેઓમાં ઘણા અજાણ છે.

(૭) મોમના :-

(કારીગરી વર્ગના) ગુજરાતમાં બધેજ મોટી સંખ્યામાં છે. ઘણી જાતના હિંદુ બુખારાના સૈયદોથી શીયા ધર્મમાં માનતા થયા તેઓની ઓલાદમાંથી છે. તેઓનાપીર પીરાનાના ઈમામશાહ છે અને રાધનપુર, પાલનપુરી વગેરે નામના જથ્થાઓથી ઓળખાય છે તેમજ મશાઈખશાહી, નૂરશાહી, મહમૂદશાહી વગેરે ધર્મગુરૂઓના નામથી પણ ઓળખાય છે પણ તેઓ સૌ ઈમામશાહી જ છે. ઈ.સ. ૧૯૯૧માં ગુજરાતના મોમનાઓએ ખાનદેશના મતીઆ સાથે મળી બળવો કરી, ભરૂચ શહેર લીધુ હતુ તેઓ અમદાવાદના વાણીઆ જેવી પાઘડી પહેરે છે. બીજા પહેરવેશમાં પણ હિન્દુઓની નકલ કરે છે. સ્ત્રીઓ સુરતના થોડા સિવાય હિન્દુ જેવો જ પહેરવેશ રાખે છે. ઘણા ખરા ગોસ્ત ખાય છે. પણ વણકર ખાતર પોતાના હિન્દુ ઘરાકોને માઠુ લાગે તે માટે જાહેર ખાણામાં ગોસ્ત વાપરતા નથી. તેઓ સુતરાઉ અને રેશમી કાપડ વણે છે. કેટલાક રંગારા, કાપડ વેચનારા અને ખેડૂત છે. ખેડા અને ઉત્તર ગુજરાતમાં હાલ જે વણકર છે તે અસલ ખેડૂત હતા. શીયા ધર્મના છે. તેઓ કુતબુદ્દીનનુ ગુજરાતી કુર્આન વાંચે છે. અને બંદગીમાં પોતાના પીરના નામની માળા જપે છે. જયારે અમદાવાદનો જથ્થો તે કુર્આનના બદલે ઈમામશાહની દીનના ફરમાનની કિતાબ વાંચે છે અને થોડાક છૂપી રીતે હિન્દુ દેવતાને પણ માને છે. ઘણા મોમના જે દિલથી શિયા છે. અને પોતાને સુન્ની કહેવડાવે છે પણ સુરતમાં થોડાક છે તે શીયા છે. તેઓ થોડા સમયથી જુદા પડયા છે અને પોતાના શીયા સબંધીઓ સાથે શાદી વહેવાર રાખે છે. સઘળા મોમના સુન્નત કરાવે છે. મૃત્યુ પામેલાને દફન કરે છે પણ બીજી કેટલીક બાબતમાં અમદાવાદના જથ્થાની રીતભાત મુસલમાનોથી ઘણી રીતે જુદી છે. ઉત્તર ગુજરાત હિન્દુ નામ રાખવામાં આવે છે અને શાદીમાં મુસલમાનની ક્રિયા સાથે બ્રાહમણ બોલાવી હિંદુ ક્રિયા પણ કરાવે છે. અમદાવાદી જથ્થા સિવાય બીજા બધા મોમનાઓ એક બીજામાં પરણે છે. અને કાઝી શાદીની ક્રિયા કરાવે છે.

છીપા :-

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં છે. તેઓ તેજ જાતના હિન્દુઓમાંથી મુસલમાન થયેલા છે કેટલાક મારવાડી મુસલમાન છીપા અગણોતરાના સવંત ૧૮૬૯ના દુકાળ સમયે ગુજરાતમાં આવી વસ્યા છે. ગુજરાતીઓ ઘરમાં ગુજરાતી અને ઉર્દૂ બોલે છે. મારવાડી પોતાની ભાષા બોલે છે. ગુજરાતી મરદ તથા સ્ત્રીઓ નીચા વર્ગના મુસલમાનો જેવો પહેરવેશ પહેરે છે. મારવાડી હિન્દુ મારવાડી જેવો પહેરે છે. તેઓ ધંધે સારી હાલતમાં હોય છે. સુન્ની છે. કુર્આન પઢે છે. પણ ઘણા ખરા બંદગી કરે છે. દરેક જથ્થાનો પોતાના મુખી હોય છે.

(૭) કાગઝી :-

ઉત્તર ગુજરાતમાં ઘણા છે. તેઓ હિંદુમાંથી મુસલમાન બનેલા છે. કોઈ માથામાં ટાલ કરાવે છે. કોઈ જવાનીમાં બાલ પણ રાખે છે. બધાજ દાઢી રાખે છે. તેઓ દેશી કાગળો બનાવે છે. ને વેચે છે. એમાં અમદાવાદ વખણાય છે. દોલતાબાદ કે કાશ્મિરના કાગળ સફાઈમાં અમદાવાદની બરાબરી કરી શકતા નથી. તેઓ સુન્ની છે. કુરાન પઢે છે. અને બંદગી કરે છે તેઓ મહેમૂદમીંઆ ચિશ્તી ને ઘણુ માન આપે છે. રીતભાત બીજા મુસલમાન જેવી છે. પોતાનામાંજ પરણે છે કેટલાક છોકરાઓ અરબીને કોઈ અંગ્રેજી શીખે છે.

(૮) બહેલીમ :-

તે ઉત્તર ગુજરાત અને ભરૂચમાં છે તેઓ રજપૂત વંશના છે.

(૯) ખોખર :-

ગુજરાત – કાઠિયાવાડમાં થોડા થોડા છે તેઓ રજપૂત વંશના છે.

(૧૦) વહોરા :-

ગુજરાતમાં વહોરાઓ, સૌથી તવંગર અને આબાદ છે જે બાદશાહોના પ્રચારથી મુસલમાન થયા. તેઓ સુન્ની વહોરા અને જેઓ

શિયા ઉપદેશકના પ્રચારથી મુસ્લિમ થયા તે શિયા વહોરા એવું અનુમાન થાય છે અરબસ્તાનમાં ઈસરાએલી પંથના મુસતાલી તડાના મુખીએ અબદશાહ નામના દાઈને હિન્દુસ્તાન મોકલેલા ઈ.સ. ૧૦૬૭માં ખંભાત આવ્યા હતા. તેનો બોધ કેટલાક વાણીયા, બ્રાહ્મણો એ લીધો અને મુસલમાન થયા. ૨૫૦ વર્ષ સુધી એ તડામાં વધારો થતો રહયો. મુજફરશાહ (ઈ.સ. ૧૩૯૦–૧૪૧૦) માં સુન્ની મતનો ફેલાવો વધવાથી શિયા મતનો ફેલાવો દબાઈ ગયો. અહમદશાહ (૧૪૧૧–૧૪૪૭) અને મહેમૂદ બીજો (૧૫૩૬–૧૫૫૪) સુન્ની મત વધુ ફેલાયો વહોરાઓના એ એક મોટા વર્ગે સુન્ની પંથ અપનાવ્યો.

શિયા વહોરાઓ તવારીખમાં ઈ.સ. ૧૫૩૯માં એક બનાવ બન્યો કે તેઓના દીનનુ મુખ્યમથક ગુજરાતમાં થયું. પહેલાએ દીનના વડા અરબસ્તાનના યમનમાં રહેતા હતા. અને તેમના ફરમાન મુજબ ગુજરાતના વહોરા ચાલતા. તે ત્યાં જાત્રા કરવા જતા. શિયા વહોરાના ચાર જથ્થા હતા. તેમાં સને ૧૪૯૯માં જાફરી અથવા સિધ્ધપુર પાટણનો જથ્થો થયો અને કેટલાક સુન્ની બની ગયા.

(૧૧) (૧) સુલેમાની વહોરા :-

સુરતના એક વહોરા યમન જઈ ત્યાના કેટલાકને પોતાના મતના કર્યા હતા. જે ગુજરાતના વડાને માનતા હતા. સોળમાં સૈકાની આખરમાં એવું બન્યું કે, ગુજરાતના વહોરાના મુલ્લા ગુજરી ગયા તેની જગ્યાએ દાઉદ બીન કુતુબશાહને મુલ્લા તરીકે પસંદ કરવામાં આવ્યા અને તેની ખબર યમન મોકલી. યમનમાં દીન સમજાવવા જનારામાં એક સુલેમાન નામના હતા. તેને યમનવાળાઓએ વડા બનાવ્યા. સુલેમાન મોટી ગાદીનો દાવો કરી ગુજરાત આવ્યા. પણ થોડાક સિવાય મોટા ભાગનાએ તેને માન્યા નહિ જે થોડાએ સુલેમાનને વડા મુલ્લા તરીકે માન્ય રાખ્યા તેઓને તે નામથી સુલેમાની તરીકે ઓળખાયા (દાઉદને માનનારા દાઉદી કહેવાયા) સને ૧૬૨૩માં અલી નામનો શખ્સ મુલ્લા થવાના દાવામાં ન ફાવવાથી થોડાક

કુટુંબ સાથે જુદો પડયો હતો તે કુટુંબમાના એકે સને ૧૭૮૯માં નાગોશત (ગોશ ન ખાવુ) મતનો નવો જથ્થો બનાવ્યો આ બધા શિયા છે.

(૧૨) (૨) દાઉદી વહોરા :-

તેમનો જથ્થો મોટો છે. અને ઘણે ઠેકાણે છે. તેઓ ધંધા અર્થે ફરતા રહે છે. કચ્છમાં ભૂજ, માંડવીમાં કાઠિયાવાડમાં તેઓ વઢવાણ. રાજકોટ, જુનાગઢ, ભાવનગર અને લીમડીમાં ગુજરાતમાં ગોધરા, ખંભાત, ભોજવા (વીરમગામ પાસે) વાગરા, ભરૂચ, સુરત અને નવસારીમાં છે. મુંબઈ ઈલાકાના બીજા ભાગમાં પણ તેઓ વસે છે. બેલગામ, મુંબઈ કરાંચી, કોલ્હાપુર, માલેગામ, નાશિક, ખાનદેશ, પુના, સતારા, અને થાણામાં છે. મધ્ય હિન્દુસ્તાનમાં તે ઈંદોર, રામપુર, રતલામ સીરાજ, ઉજ્જેનમાં, વરાડ બુરહાનપુર, નિઝામના મુલકમાં તે ઓરંગાબાદ, હૈદરાબાદ, અને જાલનામાં પણ છે. મદ્રાસ, મૈસુર તથા બંગાળમાં પણ છે. હિન્દુસ્તાનની બહાર પશ્ચિમ તરફ ગાઝીબાર, જીદ્દા, મોખા એડન, મસ્કત, અને બસરા અને પૂર્વમાં રંગુન, મોલમેન, ચીન, અને સિયામમાં છે. ગુજરાતમાં તેમની સંખ્યા એક લાખ વીસ હજાર છે. જે વહોરા હજ કરીને આવેલા છે તે ચીન કે બીજા દેશ જઈ આવેલા તેમાંના થોડાક આરબનો પહેરવેશ અંગીકાર કર્યો છે. બીજા બધા દાઉદી ઘરમાં રેશમી કે સુતરાઉ ટાલકા ટોપી પહેરે છે સફેદ બદન કે ઘુંટણ નીચે સુધીનું પહેરણ, સફેદ પાઘડી, અંગરખો ઘરના જેવો જ લેંગો અને ઉજ્જની મોજડી પહેરે છે. પાઘડી ચાર જાતની છે ઉજ્જેની તે કાયસ્થના જેવી નાની અને સફાઈથી બાંધેલી અમદાવાદી તે કંઈક ઢીલી અને વધારે ઉંચી મુલ્લા પહેરે છે. તેવી સુરતી વધારે ઉંચીને ભરાવદાર. કાઠિયાવાડી તે પડા જેવી જેની ચોખલીમાં કસબનો તોરો રાખે છે. છોકરાઓની પાઘડી મરદના જેવી જ પણ તપખીરીયા રંગની હોય છે. વહોરીઓ રાતુ આસમાની કે પીળું ઓઢણુ, ઉત્તર ગુજરાતમાં બેસતી કાંચળી અને દક્ષિણમાં ડગલી રેશમી અને ઘાઘરો, ઉત્તર ગુજરાતમાં પાવડી અને દક્ષિણ ગુજરાતમાં જોડી તહેવારના દિવસે કિંમતી પોશાક પહેરે છે.

રેશમી અને કસબી બહાર જતી વખતે મોટો કાળો ઝભ્ભો પહેરે છે. મોઢું ઢંકાય અને છેક પગ સુધી આવે તેવો માત્ર બે છિદ્ર આંખ આગળ હોય તેવો બુરખો રાખે છે ઘરેણા હિંદુ મુસલમાન બન્ને જેવા પહેરે છે. તેઓ કરકસરથી રહેવાવાળા છે તેઓ મોટા હવાદાર ઘરોમાં રહે છે. જે શણગારેલા હોય. ધોળકા ગામના થોડા વહોરા ખેડૂત છે. તે સીવાયના દાઉદીઓ વેપાર ધંધો કરેં છે. કેટલાક પરદેશ સાથે પણ વેપાર કરે છે. દેશમાં લોખંડનો સામાન, ચામડા, કાગળ, ચોપડા ગાંધીની ચીજો મસાલા વગેરેનો ધંધો કરે છે. સુરત વડોદરાના થોડાક સુખડીયા છે. ઓરતો ઘરકામ કરે છે. કાંતે છે સીવે છે પાઘડી વગેરે. સુરતના વહોરાઓની સ્થિતિ સારી છે. ફંડ છે. જેમાંથી ગરીબને મદદ કરે છે. દાઉદી મરદ–ઓરતો કુર્આન જાણે છે. બંદગી કરે છે. મહોરમ પાળે છે. હજ કરવા જાય છે. ગાનતાનથી દુર રહે છે. નામમાં ફેર હોય છે. અકીકાનામની ક્રિયા મુલ્લાજીના ઘરે થાય અને મરનારના ઉપર અલ્લાહ દયા કરે તે માટે તેની બંદગીની ચીઠ્ઠી તેના હાથમાં મુકવામાં આવે છે એ સિવાય દાઉદી વહોરાની રીતભાત બીજા સાધારણ મુસલમાનથી જુદી નથી. દીન કે વહોરા સમાજમાં વાંધો પડે તો મુલ્લાજીનો ચૂકાદો છેવટનો મનાય છે.

(૧૩) ખોજા :-

ગુજરાતમાં થોડા થોડા બધેજ છે. વહોરા અને ખોજા ઈસ્માઈલી પંથના છે પણ વહોરા મુસતાલીડના અને ખોજા નઝારી તડના છે. જે ઈ.સ. ૧૦૯૪માં મુસતાલીથી જુદુ પડયું ઈ.સ. ૧૨૫૫માં હલાકુ તાર્તરે ઈરાનના ઈસ્રાઈલીઓની સત્તા તોડી. તેઓના ઈમાનની ગાદી રોમમાં મુલખમાં થઈને એ ગાદીના અધિકારીની અવલાદમાં મુંબઈના આગાખાન છે. સિંધના ખોજામાના કેટલાક તે ઈરાનથી નાસી આવેલાની ઓલાદ છે. પણ મોટા ભાગના ૪૦૦ વર્ષ પર ખોરાસાનથી નઝારી ઉપદેશક સદરૂદ્દીનના ઉપદેશથી મુસલમાન બનેલા હિન્દુઓની ઓલાદ છે. ખોજા મેમણ કરતા વધારે ઉંચા અને વધારે મજબૂત બાંધાના છે. પણ રંગે શામળા છે. બધાના માથા મુડાવેલા હોય છે. દાઢી રાખે છે. પણ

ઉત્તરમાં કેટલાક દાઢી પણ બોડાવે છે. સ્ત્રીઓ મજબુત અને સારા બાંધાની છે ઘણી ભૂરી આંખોવાળી અને ખૂબસૂરત છે. ખોજા ઘરમાં કચ્છી કે હાલાઈ બોલે છે. કેટલેક ઠેકાણે ગુજરાતી બોલે છે શહેરી ખોજા ત્રણ ખૂણાની કીરમીજી અડધી રેશમીને અને અડધી સુતરાઉ પાઘડી પહેરે છે. અંગરખો અને પહોળો લેંગો પહેરે છે. ગામડાના ખોજા માથે ફાળિયો બાંધે છે. અને કુરતો પહેરે છે. ઉત્તર ગુજરાતમાં શહેરી સ્ત્રીઓ મુસલમાન જેવો કે કોઈ હિન્દુ જેવો પોશાક પહેરે છે. ગામડિયા ખોજા શાકભાજી, કપડા, રૂ, તેલ, અનાજ વાસણનો છૂટક અથવા જથ્થાબંધ ધંધો કરે છે. તેઓ મહેનતુ અને કસરથી રહેનારા છે. તેઓ કોઈ કોઈ વાર ગોસ્ત ખાય છે બાકી શાકાહારી છે જેઓ હઝરત અલી (કર.) ને માને અને તેમની ઓલાદને માને છે તેમને માન આપે છે કચ્છમાં ખોજાઓમાં નસરૂદ્દીન એ કાઢેલી દશ અવતારની ચોપડી છે તેમાં નવ વિશ્નુનાને અને દશમાં પાકઅલી (કર.) નો અવતાર છે. તેઓ પોતાનામાંજ શાદી કરે છે. તેમની રીતભાત હિન્દુઓ જેવી છે. આગાખાનના હુકમ મુજબ શાદી તથા મોતની ક્રિયા કરાવે છે. લાગા ઉઘરાવે છે. આગાખાન અને તેમના કુટુંબનું બહુજ આદર કરે છે.

(૧૪) સુન્ની વહોરા :-

એમનો મોટો વર્ગ ભરૂચ જિલ્લામાં ૩૦ હજાર અને સુરત જીલ્લામાં ઓલપાડ તથા માંડવીમાં છે. અમદાવાદ અને કાઠિયાવાડમાં ખેડૂત વહોરા છે. હથીયાર ન રાખનાર જાતિમાંની હિન્દુઓ જેઓ ચઉદ અને પંદરમી સદીમાં મુસલમાન તથા તેમની અવલાદ છે. સારોદના વહોરા કહે છે કે મંછારામ નામનો મોરબીનો બ્રાહમણ જે મહેમૂદ બેગડાના સમયમાં મુસલમાન થયો તેના વંશના છે. અંકલેશ્વરના વહોરા અડધી ઉર્દૂ અને અડધી ગુજરાતી બોલે છે બીજે બધે ગુજરાતી બોલે છે. કેટલેક ઠેકાણે અસલ રાવળીયા હતા. કોઈ વાણીયા કોઈ રાજપૂત, કોઈ ભાટીયા કે લુહાણા, કોઈ મોઢ ઘાંચી કે ખત્રી તે મુસલમાન થયા હતા તેમના વહોરાઓ વંશ જ છે. જેથી જ અસલ જાત પ્રમાણે હમણા પણ ભેદ રાખવામાં આવે છે. શાદીમાં પણ ભેદભાવ રખાય છે. તેઓનો ખોરાક દાળભાત અને બાજરાના

રોટલા છે તેઓ કયારેક ગોસ્ત માછલી ખાય છે. દારૂ પીતા નથી. ઉત્તર ગુજરાતમાં મોટી ઢીલી પાઘડી, બંદી પીછોડી અને તુમાન તે ઘુંટણ નીચેથી બેસતુ અને ઘુંટી આગળ બોરિયાવાળો પહેરે છે. મધ્ય ગુજરાતના ભરેલી પાઘડી પણ નાની, અંગરખાને કમરે બાંધવાની પીછોડી, નર્મદાની દક્ષિણે ટાલકુ ઢંકાય તેવી ટોપી લાંબો અંગરખોને તુમાન પહેરે છે. મરદો રૂપાની કંઠી પહોંચીને પગે ટોડો પહેર છે. જોડા બધા પહરે છે. સ્ત્રીઓને પહેરવેશ હિન્દુ જેવો અને પગમા જોડા પહેરે છે. ઘરેણા મોટા અને ભારે હોય છે. ઘુંઘરાવાળા નથી હોતા. મોટો ભાગ જમીનદાર અને ખેડૂત છે તેથી સ્ત્રીઓ ખેતરમાં કામ કરે છે અમદાવાદી તેથી સુખી અને ઈમાનદાર છે તેઓ ભરૂચીઓ જેટલો ભરોસો રાખવા જેવા નથી. તેઓ મહેનતુને હોશિયાર ખેડૂત છે તેઓ ગરીબ છે. તો પણ સારી હાલતના છે તેઓ કુર્આન પઢે છે અને બંદગી કરે છે પીરજાદાઓનું ખૂબ માન રાખે છે. છોકરા છોકરીઓના નામ કેટલાક હિંદુ જેવા અને કેટલાક મુસલમાન જેવા હોય છે. શાદી પહેલા બે દિવસ આગળ વાનુદેવની યાદગીરીમાં લાંગ અને વાલ ભેગા રાંધેલાનું લહાણુ કરે છે. મરણમાં સ્ત્રીઓ હિન્દુઓની જેમ છાતી કુટી રડે છે. શાદી, અઘરણી અને મરણ સમયે જમાતને ખવડાવે છે નોતરા હજામ કરવા જાય છે. કુર્આનના ફરમાન ખસૂસ પઢતા થયા છે અંગ્રેજી ભણતર નકામુ છે એમ માને છે ગામડાની મસ્જિદો અને રાંદેરમાં મદ્રેસાઓ છે ત્યાં દીની કિતાબ શીખવા છોકરાઓ એકઠા થાય છે. દરેક ગામમાં એક મુખી હોય છે. કાંઈ ભાંજગડ પડે તો બધા ગામના એક સંપે ભેગા થાય છે નર્મદાની ઉત્તરના દક્ષિણ સાથે શાદી વહેવાર રાખતા નથી, ધંધુકામાં કેટલાક કુટુંબો દેસાઈપણાનો દાવો કરે છે ગામોના વહોરાઓથી અળગા રહે છે જો કે તેઓ પણ ખેડૂત છે.

(૧૫) ખરાદી :-

ગુજરાતમાં થોડા થોડા બધેજ છે. અમદાવાદમાં વધુ છે. અમદાવાદી હિંદુ ખરાદીમાંથી મુસલમાન થયેલા જયારે સુરતના ઘણી જુદી જુદી હિંદુ જાતીમાંથી મુસલમાન થયેલા છે. તેઓ સુન્ની છે. કુરઆન જાણે છે. પોતાનામાં જ શાદી કરે છે.

(૧૫) કસાઈ :-

ગુજરાતમાં બધા ભાગમાં છે તેઓની અસલ જાત જાણવામાં આવી નથી. શહેરમાં ઉર્દૂ અને ગામડામાં ગુજરાતી બોલે છે. ઘરેણા પહેરવાનો શોખ રાખે છે. કેટલાક ગાય ભેંસ બળદ કાપનારા છે તે ગાય કસાઈ અને બકરા ઘેટા કાપનાર તે બકરા કસાઈ એમ ઓળખાય છે જાનવરોના હલકા નાના ભાગ પાડવામાં વહોરા. સ્ત્રીઓ મદદ કરે છે. તેઓને મોઢે ગાળ ઘણી હોય છે. કેટલાકની સ્થિતિ સારી છે. સુન્ની છે. કુર્આન પઢવા અને બંદગી કરવામાં કાળજી રાખે છે. તેઓ પોતાનામાંજ શાદી કરે છે. તેઓ પાસે ફંડ હોય છે. તેમાંથી મસ્જિદોમાં મુસાફરોને ખવડાવે છે. અભણ છે.

(૧૬) ખાટકી :-

તેના બે જથ્થા છે. ચામડા કમાવનાર અને બીજા ઢાલગરખાટકી, તે કસાઈના વર્ગના જ છે. તેઓ શાદી વહેવાર રાખે છે. દેખાવ ભાષા અને ગુણમાં એક જેવાજ તેઓ ઘેટા બકરાના ચામડા કમાવે છે. ગામડામાં તે બકરાનુ ગોસ્ત પણ વેચે છે.

(૧૭) કસબાતી :-

(કસ્બાતી માલિક) ઉત્તર ગુજરાતમાં ઘણા ભાગોમાં છે કેટલાક પઠાણ અને બલુચ સિપાઈઓની ઓલાદના છે. અને બીજા રજપૂતમાંથી મુસલમાન થએલા. ઘરમાં તેઓ ગુજરાતી સાથે ભળેલી ઉર્દૂ અથવા એકલી ઉર્દૂ ભાષા બોલે છે. અફીણના બંધાણવાળા છે. કેટલાક દારૂની લતવાળા અને ગમ્મતના શોખીન છે. તેઓ સુન્ની છે. પણ ચુસ્ત નથી. માત્ર કોઈવાર કુર્આન પઢે છે કે બંદગી કરે છે ક્યારેક તેઓ કોળી રજપુતની છોકરી સાથે પણ શાદી કરે છે. એવા સમયે છોકરીઓના સગા બ્રાહમણને બોલાવે છે. પણ ઘણુ કરી મુસલમાનની રીતે જ શાદી થાય છે. મરણ સમયે તેઓ હિંદુ રીતભાત રાખતા નથી. મોટા જમીનદારનો દરજ્જો રાખી રહેલાને પોતાના વર્ગને લાયક છોકરી ન મળવાથી હિંદુ જમીનદારની અથવા માલેસલામ કુળની છોકરીઓને છોકરાને પરણાવે છે. સારી હાલતવાળા કેટલાક પોતાના

છોકરાઓને મુસલમાન કુળમાંજ પરણાવે છે. સારી હાલતવાળા પોતાના છોકરાઓને ગુજરાતી શાળામાં ભણાવે છે. થોડાક અંગ્રેજી પણ ભણાવે છે. અફીણના બંધાણી હોવાથી શરીર–મનથી નબળા છે. કરજદાર પણ છે એક ગામતી વર્ગ પણ છે. તે કસ્બાતીથી જુદા નથી. તેમની જમીન થોડી હોય છે. બંને વર્ગ એક બીજા સાથે શાદી વહેવાર રાખે છે.

(૧૮) મોલેસલામ (ગરાસીયા) :-

ઘણુ કરીને ભરૂચ અને રેવાકાઠામાં મહેમુદ બેગડાની બાદશાહીમાં (ઈ.સ.૧૪૫૯–૧૫૧૩) રજપૂતમાંથી કેટલાક જણાએ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો પણ રીતભાતો તો બાપદાદાની રાખી રહયા છે, તે મોલેસલામ કહેવાયા. આમ ત્રણ કહેવાય છે કે જેઓએ સુલ્તાનના મહેલને સલામ કીધી હતી. તેઓને નાત બહાર કર્યા. જેથી તેવા રજપૂતોનો જે વર્ગ જુદો પડયો તે મોલે સલામ ઠાકોર મુસલમાન હાજી સૈયદ મોલવીને માને છે અને વળી ઘરડાની વખતના બ્રાહમણના વંશનો પણ પાળે છે. ને ભાટ ચારણોને મદદ કરે છે. તવંગર તે તેઓને મોઢેથી કવિતા સાંભળી ફુરસદનો વખત કાઢે છે ને ગરીબ તે લગતને ટાણે તેઓની પાસે ગોરનું કામ કરાવે છે મોલેસલામ પોતાની દીકરી સૈયદ મોગલ કે બીજા સાથે પરણાવે પણ નીચા વર્ગના મુસલમાન સાથે નહિ મોલેસલામ રાજાનો બેટો કોઈ રજપૂત બેટીને મેળવી શકે પણ બીજા તો પોત પોતાનામાં કે ગરીબ મુસલમાન સાથે શાદી વહેવાર રાખે છે. ઘરમાં ધોતિયું પહેરે છે પણ બહાર નીકળે છે ત્યારે પાઘડી અંગરખો ચોરણોને રજપૂતની પેઠે કમર બાંધે છે. કે ખભે દુપટ્ટો નાંખે છે તેઓ બીજા મુસલમાન સાથે ખાણુ ખાય છે ને કોઈ કોઈ વાર ગોસ્ત ખાય છે પણ તેઓનું હમેશનું ખાનપાન હિંદુ જેવુંજ છે.

(૧૯) મનીયાર – મણીઆર :-

હિદુમાંથી મુસલમાન થયેલા છે. અમદાવાદ કાઠિયાવાડમાં ઘણા છે. ભરૂચ, સુરતમાં થોડા છે મરદ મુસલમાનો તથા સ્ત્રીઓ હિંદુનો પહેરવેશ પહેરે છે. સુન્ની છે બંદગી કાળજીથી કરે છે. કુરઆન જાણે છે.

અમદાવાદવાળા શાહઆલમ પીરને માને છે. સ્થિતિ સારી છે. દાંતની ચૂડીયોનો ધંધો કરવામાં તેમને સારૂ છે. ઘાંચીની પેઠે સ્ત્રીઓ લગનમાં ગીત ગાય છે. મરણમાં છાતી કુટે છે. પોતાનામાંજ શાદી કરે છે.

(૨૦) મપારા :-

ઉત્તર ગુજરાતમાં છે મણીયારને મળતા આવે છે.

(૨૧) મિડઘા :-

તેમની વસ્તી ઉત્તર ગુજરાતમાં છે. તેમાના થોડા પરદેશથી આવેલા છે અને થોડા રજપૂત વંશના છે. તેઓ ગુજરાતના સુલતાનોની નોકરીમાં છૂપા બાતમીદારનું કામ કરતા હતા. તેઓ સિપાઈનું કામ કરે છે.

(૨૨) નાયતા :-

તેઓ વેપારી તથા વહાણ ખેડતો નામીચો વર્ગ હતો પણ હવે ગુજરાતમાં ઓછા રહયા છે. રાંદેરમાં તથા ઘોઘામાં એક બે કુટુંબો છે. તેઓને આઠમાં સૈકામાં અરબસ્તાનથી હાંકી કાઢવામાં આવ્યા હતા. વલસાડ જીલ્લાના ધરમપુર તાલુકામાં ૪-૫ ગામમાં કોકણથી ૪-૫ પેઢીથી આવી વસેલા નવાયતા મુસ્લિમની વસ્તી છે. જે અરબ વંશના હોવાનું કહેવાય છે. આ નાયતાનોજ ભાગ હોઈ શકે છે.

(૨૩) મકવાણા :-

તે કોળીની જાતમાંથી મુસલમાન થયા હતા ઉત્તર ગુજરાતમાં ઘણા ભાગમાં છે તેઓ ગુજરાતી બોલે છે. તેઓ જમીનદાર ખેડૂત કે સિપાઈ હોય છે. સુન્ની છે છોકરાઓ મુસ્લિમ અથવા કોળી કુટુંબમાં પરણે છે. દિકરીઓ મુસલમાનનેજ આપે છે. તેઓ લગ્ન સમયે બ્રાહ્મણને બોલાવે છે. છોકરાઓને ભણાવતા નથી.

(૨૪) રાઠોડ :-

ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાગમાં થોડા થોડા છે. મરદ મજબૂત બાંધાના છે રજપૂત જેવા છે તેઓની સ્ત્રીઓ જે હિન્દુ કુળની હોય તે

પીયરમાં રજપુતાણીનો પહેરવેશ પહેરે છે. તે સિવાય બીજી સ્ત્રીઓ મુસલમાની. તેઓ જમીનવાળા ખેડૂત અને રખા છે થોડાક ઘરમાં સ્વામીનારાયણની છબીઓ હોય છે જેને તે પગે પડે છે. રીતભાત રજપૂતો જેવી છે. લગ્ન અવસરે મોટા જમીનદારો કન્યાને ઘેર ખાડું મોકલીને તેને વરના ગામમાં લાવે છે. કન્યા હિન્દુ હોય તો બ્રાહમણની તથા મુસલમાનની બન્નેની ક્રિયા કરી શાદી કરવામાં આવે છે. મરણ સમયે સ્ત્રીઓ છાતી કુટે છે. તેઓ કોળી કે રજપૂત હિંદુ અથવા મુસલમાન હોય તેમાંજ પરણે છે. તેમનો જુદા વર્ગ નથી.

(૨૫) ચુંદડીગર :-

ગુજરાતમાં બધેજ છે. તેઓ આરબ અવલાદના હોવાનો દાવો કરે છે. સિંધથી ગુજરાતમાં આવ્યાનું કહેવાય છે. ઘણા ખરા હિંદુમાંથી મુસલમાન થયેલા લાગે છે. કાઠિયાવાડમાં તેમની ઘરની ભાષા ઉર્દૂ તેમજ ગુજરાતી છે. સુરતમાં કેટલાક રંગે છે. કેટલાક સરકારી નોકરીમાં સિપાઈ હોય છે. સુન્ની છે. દીનના ચુસ્ત છે કુર્આન પઢે છે. મરણ પછી ત્રણ દિવસ સુધી શોક કરનાર અને જમાતના ખર્ચે ખવડાવવામાં આવે છે. બીજા છ દિવસ સગાને અને દશમાં દિવસે મોટું ખાણું આપવામાં આવે છે પોતાનામાં જ શાદી કરે છે કેટલાક સારા દરજ્જા પર આગળ વધેલા છે.

(૨૬) ચુડીવાલા :-

બધેજ છે હિંદુની એજ ન્યાતના મુસલમાન થયેલા છે ઘરમાં ઉર્દૂ બોલે છે. ગરીબ મુસલમાન જેવો પહેરવેશ પહેરે છે. કાચ લાખ કે કલાઈની બંગડીઓ બનાવી વેચે છે. તે કલાઈ અને સોના પિત્તળના પતરાંની કોરણ કરે છે. સ્ત્રીઓ વેચવા નીકળે છે. તે સુન્ની છે. કેટલાક કુર્આન જાણે છે. ગરીબ છે તેઓ બીજા મુસલમાનો સાથે શાદી વહેવાર બાંધે છે.

(૨૭) ચુનારા :-

થોડા થોડા બધેજ છે નીચી જાતના હિંદુમાંથી તેઓ મુસલમાન થયેલા છે. હિંદુ જેવો પહેરવેશ પહેરે છે. તેઓ ચૂનો બનાવે છે અને કડીયા કામ પણ કરે છે. તેઓ સુન્ની છે પોતાનામાં જ શાદી કરે છે.

(૨૮) નાલબંધ :-

બધે છે મરદો ઘોડાને નાળ મારે છે. સ્ત્રીઓ રૂ કાંતે છે. બીજા મુસલમાન સાથે શાદી વહેવાર રાખે છે. ઘરમાળ ઠીક છે દેખાવે બોલીમાં પહેરવશેમાં બીજા જેવા જ છે.

(૨૯) પાંજણીગર :-

તે તેજ નામના હિંદુમાંથી મુસલમાન થયેલા છે અને ગુજરાતમાં બધેજ છે ઘરમાં ઉર્દૂ—ગુજરાતી બોલે છે મરદ સ્ત્રીઓનો પહેરવેશ બીજા મુસલમાન જેવો જ છે સુન્ની છે. પોતાનામાંજ શાદી કરે છે. એમાંનો એક જથ્થો સુતરને પાંજણી દેનારાનો છે. બીજો જથ્થો હીરને પાંજણી દેનારાનો છે. આ ધંધો મુસલમાન જ કરે છે. પાંજણી જુના ચામડાને લીંબુનો રસમાં ઉકાળવામાં આવે છે. તેથી હિંદુઓ એ કામ કરતા નથી.

(૩૦) ભાડભૂંજા :-

બધે જ છે તેઓના અલગ જથ્થો નથી. તેઓ બીજા મુસલમાનો સાથે શાદી વહેવાર રાખે છે.

(૩૧) રંગરેજ :-

હિંદુ ખત્રીમાંથી મુસલમાન થયેલા છે. ઉર્દૂ બોલે છે સુન્ની છે. મુસલમાન પહેરવેશ પહેરે છે.

(૩૨) કાબુલી :-

ગુજરાતમાં બધે છે પણ અમદાવાદમાં વધુ છે. નવા આવનારા અને પુસ્તુ બોલી છે. જલ્દી ઉર્દૂ બોલતા જાય છે. તેઓ ગુજરાતની અફગાન સ્ત્રીઓ સાથે શાદી કરે છે. ઘણા ઘોડાની સોદાગરી કરે છે. કેટલાક ચોપડી કે મેવો વેચે છે. તેઓ જનૂની સુન્ની છે. તેઓ માહમાહે જ શાદી કરે છે અને પોતાના ઝઘડા અંદર જ પતાવે છે.

(૩૩) અગરા :-

જેના આઠ જથ્થા છે તે પગાર લઈ લશ્કરી નોકરી કરનારા સિપાઈ ઓલાદના છે. હાલ તે અમદાવાદની પશ્ચિમમાં તથા કાઠિયાવાડમાં હળ ખેડું છે તેઓ બીજા મુસલમાન સાથે શાદી કરે છે. એટલે તેમના જથ્થામાં હવે માત્ર ઓડક દાખલ છે નવમો જથ્થો કસબાતીનો છે તે મુસલમાન થયેલા રાજપૂત તથા બીજા હિંદુ સાથે ભળી ગયો છે.

(૩૪) દૂધવાળા :-

જે ગાંડવ કે ગળવી પણ કહેવાય છે. ગુજરાતમાં બધે જ છે. અમદાવાદ, વડોદરામાં ઘણા છે. ઉંચા દેખાવડા અને લાંબાવાળ અને નાની દાઢી રાખે છે. સ્ત્રીઓ વાંકાવાળ, ભૂરી આંખ વાળી ખુબસુરત છે. ગુજરાતી બોલે છે મુસલમાની પોશાક પહેરે છે. તેઓ માથે મરાઠા જેવી પાઘડી પહેરે છે. તેઓ દૂધ વેચે છે અને ગાડા ભાડે ફેરવે છે. સ્ત્રીઓ ગાય ભેંસની સંભાળ રાખે છે. કેફી ચીજ પીતા નથી પોતાના નામ પાછળ ની લગાડે છે. પોતાનામાં જ શાદી કરે છે. છોકરાઓ ગુજરાતી – અંગ્રેજી ભણે છે. તેઓ સુન્ની છે થોડાક કુર્આન જાણે છે. બંદગીમાં નિયમિત છે.

(૩૫) કરાળિયા :-

સૌ મળીને ૬૮ છે અમદાવાદમાં રહે છે. હિંદુ કુંભારમાંથી મુસલમાન થયેલા છે. માથુ બોડુ અને દાઢી રાખે છે. સ્ત્રીઓ મજબૂત અને ખૂબ સુરત છે. રૂપાના ઘરેણા પહેરે છે. કરાળિયા માટીના વાસણો બનાવતા નથી પણ વેચે છે. સુન્ની છે મરદો સિપાઈગીરી કે ઘરની નોકરી પણ કરે છે સ્ત્રીઓ દુકાન સંભાળે છે શાદી પોતાનામાં જ કરે છે કે કડીયારાઓમાં કરે છે એ બંન્નેની એક જમાત છે બંદગીમાં નિયમિત નથી.

(૩૬) માળી :-

હિંદુમાળીમાંથી મુસલમાન થયેલા છે અમદાવાદમાં છે તેઓ દરગાહ માટે ફુલની ચાદર તૈયાર કરે છે ધોરખોડીયા સાથે શાદી વહેવાર રાખે છે.

(૩૭) કાકાપુરી :-

(ગુલામની ઓલાદ) એક નાનો જથ્થો છે. ખેડુ વહોરાઓના સબંધમાં છે. કહેવાય છે કે કોઈ દુકાળમાં તેમના વડવા મારવાડથી અત્રે આવેલા તેમને વહોરાએ નોકરીમાં રાખેલા અને મુસલમાન બનાવેલા. કોળીના જેવા ચોલણા પહેરે છે. વહોરાથી જુદા જણાતા નથી. ઈ.સ. ૧૮૨૦માં તેઓ ઘણા હતા. ૧૮૭૨માં નવજ રહી ગયા તેના ઉપરથી જણાય છે કે તેઓ વહોરામાં ભળી ગયા છે.

(૩૮) મહેંદી (મહેદવી) :-

મહમ્મદ મહેંદી જે બનારસ પાસે જુવાનપુરના છે. એ જગ્યાએ જનમ્યા હતા. તેમણે ૪૦ વર્ષની ઉમરે પોતાને વલી કહેવડાવી જુવાનપુરમાંને, મકકામાં ઘણાને પોતાના મતના કરી લીધા. મકકે જઈ આવી અમદાવાદમાં અને પાટણમાં જાહેર કર્યુ. કે આવનાર મહેંદી હું છું. (ઈ.સ.૧૪૯૯) કહેવાય છે કે તેમણે મુરદાને જીવતા કરી, આંધળાને દેખતા કરી, મૂંગાને બોલતા કરી ચમત્કાર કર્યા જેથી કેટલાક હિંદુઓ તેમના મતના બની મુસલમાન થઈ ગયા. સુલ્તાન મુજફફર બીજાના સમયમાં (ઈ.સ.૧૫૧૩-૨૬) અને મોગલ બાદશાહ ઔરંગઝેબ જયારે સુબા હતા ત્યારે ઘણાને મારી નાંખવામાં આવ્યા હતા તેમાના પોતાને શિયા કહેવડાવે છે અને કહે છે આવનાર ઈમામ મહમ્મદ મહેંદી આવી ગયા છે તેથી હવે પાપનો પસ્તાવો કરવો કે મૃત્યુ પામેલા માટુ દુઆ કરવાની જરૂર નથી.

(૩૯) ગેરમહેંદી :-

મહેંદીને અથવા આવનાર ઈમામને માનતા નથી એવા થોડા થોડા ગુજરાતમાં ઘણા ભાગમાં છે. મુંબઈ, સિંધ, ઉત્તર હિન્દુસ્તાનને દક્ષિણમાં પણ છે. ઉર્દૂ બોલે છે તેઓ ખેડૂત છે તેઓના વારસનો માલ ઈમામ હુસેન (અલૈ.) ની ઓલાદ સૈયદોનો થાય છે એમ માને છે.

(૪૦) કડીયા :-

ગુજરાતમાં બધે જ છે. હિંદુ કડિયામાંથી મુસલમાન થયા છે. ઉત્તર ગુજરાતમાં અને દક્ષિણમાં ઉર્દૂ બોલે છે. કડિયા તેમના કામના કાબેલ જણાય છે. સુન્ની છે. ઈમામશાહ પીરની ઓલાદને માને છે. કુર્આન જાણે છે. બંદગી કરે છે. છોકરાને ભણાવતા નથી.

(૪૧) બધારા :-

હિંદુમાંથી મુસલમાન થયેલા છે. મુસલમાની પહેરવેશ પહેરે છે. ઉત્તર ગુજરાતમાં મરદો જૂના નવા રેશમી કપડા તથા રેશમ ધોય છે. સ્ત્રીઓ મદદ કરે છે. દક્ષિણમાં રેશમ અને રેશમી કાપડ વેચે છે. સારી હાલતના છે. કુર્આન જાણે છે. બંદગી કરે છે.

(૪૨) મોચી – (મુલતાની) :-

બધે છે તેઓ કહે છે કે જુના વખતમાં જુલમથી નાશી ગુજરાતમાં આવી વસ્યા અને અહી મહેમૂદ બેગડાની બાદશાહીમાં મુસલમાન થયા. ઘરમાં ઉર્દૂ બોલે છે. ધંધામાં સ્ત્રીઓ મદદ કરે છે.

(૪૩) લુહાર :-

પશ્ચિમ ગુજરાત, ઘોઘા, અને કાઠિયાવાડમાં તેમની વસ્તી છે. તેઓ સિંધથી ગુજરાતમાં આવી વસેલા છે. ગુજરાતી બોલે છે. મરદો મેમણ જેવો અને સ્ત્રીઓ હિંદુ જેવો પહેરવેશ પહેરે છે. તેઓ ચાકુ, સુડી, પાળી, લોઢાના ઓજારો, ભાલાના ફળા અને કટારી બનાવે છે. સ્ત્રીઓ ઘરકામ કરે છે. સુન્ની છે. કુર્આન જાણે છે. બંદગી બરાબર કરે છે. બીજા સાથે શાદી વહેવાર કરે છે.

(૪૪) સલાટ :-

બધે જ છે હિન્દુમાંથી મુસલમાન થયા છે. કેટલાક ઘણા કાબેલ છે અને તે જુના વખતના બારીક નકસીકામ પણ કરી જાણે છે. મારવાડી સલાટ જે મારવાડ – ગુજરાત વચ્ચે આવજાવ કરે છે. ગુજરાતના સલાટોમાં કોઈ તડ નથી. ઉર્દૂ બોલે છે. મુસલમાની પહેરવેશ પહેરે છે. સુન્ની છે.

(૪૫) સોની :-

કચ્છ, કાઠિયાવાડ અને અમદાવાદમાં થોડા થોડા છે. સ્ત્રી હિંદુ જેવા પહેરવેશ પહેરે છે. તેઓ જુના સમયનુ નકસીકામ જાણે છે. છોકરીઓ કોને પરણશે તે નકકી ન હોય એ કસબ તેમને શીખવતા નથી સુન્ની છે. બંદગીની કાળજી રાખે છે. તેઓ પીરાને પીરની ઓલાદના સૈયદોને માને છે મરણ સમયે સ્ત્રીઓ કુટવાનું કરે છે.

(૪૬) વણજારા :-

એજ જાતના હિંદુમાંથી મુસલમાન થયા છે. ગુજરાતમાં બધે જ છે. ચોમાસામાં પોતાના ઢોરને જયા ચારો મળે ત્યાં પડાવ નાંખે છે. સુકી મોસમમાં મારવાડ–ગુજરાતની વચ્ચે આવજા કરે છે. તેઓની બોલી મુસલમાનોથી ન સમજાય તેવી છે. મારવાડી જેવી પાઘડી પહેરે છે. સ્ત્રીઓ સાદલો, ઢીલીચોળી, મોટો ઘાઘરો અને ચાંચવાળા જોડા પહરે છે. તેમના ઘરેણા પણ જુદી તરેહના હોય છે. દરેકના લમણા પર નાની રૂપાની સાંકળી બાલક્ષાં ભેરવેલી હોય છે. નાકેવાળી કાને રૂપા પિતળના ઘરેણા પહેરે છે. કાંડાથી ખભ્મા સુધી તાંબાના કે કલાઈના ભારે ચપટા પટા રાખે છે. આંગળીએ કબાઈની વીટીઓ અને પગે પિત્તળ કલાઈની કાંબી હોય છે. બળદો વેચવા લાવે છે તેઓ મારવાડથી ઉન અને બન્નુસ લાવે છે. અને અનાજ મીઠું, નાળિયેર, તંબાકુ, ગુજરાતથી લઈ જાય છે. સ્ત્રીઓ બળદને હાંકે છે તેઓ ઈમાનદાર છે પણ આળસ અને ઉદાઉ છે તે સુન્નત કરાવે છે. મરદાને દફન કરે છે. મુસલમાની રીત પ્રમાણે શાદી કરે છે પણ દીનનુ જાણતા નથી. હિદુ દેવને પણ માને છે. હિંદુ જેવા નામ રાખે છે. ગાય–બળદનુ ગોસ્ત ખાતા નથી પોતાનામાંજ શાદી કરે છે.

(૪૭) ઘોરખોડિયા :-

ઘણા હિંદુમાંના તથા કેટલાક પરદેશી ઓલાદના છે. મરદ ઘોર (કબર) ખોડે છે. સ્ત્રીઓ કાંતે છે સુન્ની છે કુર્આન શીખે છે. કયારેક બંદગી કરે છે. પોતાના જથ્થામાં શાદી વહેવાર રાખે છે.

realpatidar.com

(૪૮) સોલંકી :-

એ રજપુતમાંથી મુસલમાન થયેલા છે. ઉત્તર ગુજરાતમાં તેઓ છે. તેઓ રજપુત વંશમાંજ લગ્ન વહેવાર રાખે છે. દેખાવે કે રીતભાતમાં તે જુદા પડતા નથી.

(૪૯) શેખડા :-

ભરૂચ અમદાવાદમાં છે. તેઓ પીરાના પીર બાલ મહમ્મદશાહને માને છે. રીતભાત મતીઆ કણબી જેવી છે. મૃત્યુ પામનારને દફન કરે છે. તે સીવાય બીજી વાતે તેઓ હિંદુ રીતે ચાલે છે. સુન્નત કરાવતા નથી. મુસલમાન સાથે જમતા નથી. ટીલો કરે છે. ઘણા સ્વામીનારાયણ પંથના છે લગન વેળાએ ફકીર પાસે લગ્નની ક્રિયા કરાવે છે. અને ચોરીની ક્રિયા બ્રાહ્મણ કરાવે છે. મતીઓ કણબી જેમ તેઓનો જુદો જથ્થો છે.

(૫૦) હજામ :-

હિન્દુ હજામમાંથી મુસલમાન થયેલા છે તેઓ તુર્કી હજામ તુર્કદાશ કહેવાય છે. (હાલ તેઓ ખલીફા કહેવાય છે.) જોખારીને જળો મૂકનારને બીજા હજામ તે માથુ બોડનારને સુન્નત કરનાર, દક્ષિણમાં ઉર્દૂ અને ગુજરાતમાં ગુજરાતી બોલે છે. જોખારી હિંદવાણીનો પહેરવેશ પહેરે છે. મોગલાઈમાં હમામખાના હતા ત્યાં તેઓ નોકરી કરતા હતા. હજામની સ્ત્રીઓ સોયાણીનુ, કાંતવાનું, આયાનુ કામ કરે છે. સુન્ની છે. હઝરત સુલેમાન ફારસીને પોતાના પીર માને છે. તેમનો એક દિવસ પાળે છે, તેમણે વાંસની ચીપથી મુડવાની યુકિત શોધી હતી. એમ તેઓ કહે છે. બન્ને વર્ગના એક બીજામાં શાદી કરે છે.

(૫૧) મપારા :-

ઉત્તર ગુજરાતમાં છે મનિયારને મળતા આવે છે.

વ્યસન મુકત બનો, રકતદાન કરો, નિડર બનો, સ્વછંદી નહી.

(૫૨) ફકીર :-

આ વર્ગ ભીખ માંગે છે. અલ્લાહ કે પીર, પયગમ્બર નામ પર માંગી ખાય છે. સૂરતમાં નીચા મોમના વણકર, અમદાવાદમાં નીચા મોમના, વાઘરી, ઢેર, મારવાડી એ સૌ રાત દિવસ ભટકતા ફરે છે. એઓમાં દશ જથ્થા છે તેમા કેટલાક બેશર એટલે કે મુસલમાન ધર્મની રૂઢી બહાર વસનારા અને બીજા બાશર એટલે ધર્મની રૂઢીની મર્યાદામાં રહેનારા, બેશરને બૈરા છોકરા કે ઘર કુટુંબ કંઈજ નથી જયારે બાસરને હોય છે. તેઆ દીનના ફરમાન પાળે છે. સુન્ની છે.

(૫૩) કલંદર :-

(કલંદર) ગુજરાતમાં ઓછા છે રખડીને ભીખ માગે છે પૂરા શરીરના વાળ બોડાવે છે.

(૫૪) મદારી :-

મદારશાહ પીરને માને છે. ગરીબ છે. સાંકળ ખેંચતા કે પગ ઉપર ચાબક મારતા ચાલે છે. રીંછ, વાંદરા, સાપ પાળી તેનો ખેલ કરનારા છે. દોરડા પર નાચનારા, ઘર હોતુ નથી ભીખ માંગી ખાય છે.

(૫૫) ભવાયા :-

ઠેર ઠેર ફરીને ખેલ કરે છે. હિંદુમાંથી મુસલમાન બન્યા છે મરદ મરદ આગળ અને સ્ત્રી સ્ત્રી આગળ નાચી ખેલ કરે છે છટેલ જીવન જીવે છે. જયા બાળકનો જન્મ થયો હોય ત્યા બક્ષિસ માંગવા જાય છે. સુન્ની મુસલમાન છે.

(૫૬) બહુરૂપા :-

થોડા થોડા બધે છે. ઉર્દૂ બોલે છે. મુસલમાની પોશાક પહેરે છે. તેઓ ચહેરાને એકબાજુથી મરદ અને બીજી બાજુથી સ્ત્રી જેવો બતાવવાનો વેશ ઝડપથી લે છે. માથુ એ રીતે ફેરવે છે કે કોઈ જાણે બે જણ હશે. સ્ત્રીઓ ઘર કામ કરે છે. કુર્આન મુજબ બંદગી કરવામાં કાળજી રાખે છે. સુન્ની મુસલમાન છે.

(૫૭) ભાંડ :-

બધા વર્ગના મુસલમાનોમાંથી જ આ વર્ગ બન્યો છે ઉત્તર પશ્ચિમ તરફથી ગુજરાતના કસ્બાઓમાં આવ્યા છે. ઉર્દૂ બોલે છે. મુસલમાની પોશાક પહેરે છે. તેઓ ગાઈ નાચે છે. બીજાની નકલ મજાક ઉડાડે છે. તાયફા–ગમ્મત દેખાડવા ફરતા રહે છે. તેઓ સારંગી તબલા રાખે છે. નકલ કરનાર ઓઢણુ ઓઢે છે. પગે ઘુઘરા બાંધે છે. કેટલાક સુન્ની છે. તો કેટલાક શિયા છે.

(૫૮) ગંધરપ :-

એક જાતના હિંદુમાંથી મુસલમાન બન્યા છે આઠ મહિના ફરે છે અને ચોમાસામાં ખેતી કરે છે. પશ્ચિમ ભાગમાં વધુ છે. મરદો બજાવે છે અને છોકરીઓ નાચે છે, ગાઈ છે, મોટી ઉમરની સ્ત્રીઓ જાહેરમાં આવતી નથી. સુન્ની છે. પોતાના જથ્થામાં શાદી કરતા નથી. કોળી કે બીજા મુસલમાનમાંથી પરણી લાવે છે.

(૫૯) કમાલીયા :-

બહુચરાજીને માને છે તેઓ અસલ કનોજીયા બ્રાહ્મણ હતા. અલાઉદ્દીન ખીલજી (ઈ.સ. ૧૨૯૭માં) તેઓએ ઈસ્લામ કબૂલ કર્યો. મૃત્યુ પામેલાની છાતી પર કંઈક બાળે છે અને પછી જ દફન કરે છે. બહુચરાજીના નામે ભીખ માંગે છે. સુન્નત કરાવતા નથી કેટલાક પરણેલા છે ને બીજા હિજડા સાથે ગુજારો કરનારા.

(૬૦) નાઘોરી :-

અમદાવાદ, વિરમગામ, ભાવનગર, વડોદરા, ભરૂચમાં નાઘોરી છે. માળવામાં નાગોળ છે ત્યાંથી આવેલા છે. ગાડા હાકનાર છે. રેલ્વે તથા પહેલાના લોકોને ગાડામાં લઈ લાવ કરતા. સ્ત્રીઓ મજૂરી અને દૂધ વેચે છે. સુન્ની છે મરદ કરતા સ્ત્રીઓ બંદગીની કાળજી રાખે છે. પીરના કહેવા પ્રમાણે ચાલે છે.

(૬૧) તાસી :-

(તાસાવાળા) અને નગારચી (ઘોડાપર નગારૂ ડુમકો વગાડનાર) બધાને સરખો નફો મળે તે માટે જથ્થા કમાણી ભેગી કરી સરખે ભાગે વહેંચી લે છે.

(૬૨) મીર મીરાસી :-

તે લંઘા, ઢોલી, વાંસફોડા, છે ઉત્તર તરફના કસબામાં ઘણા છે. મીર તે ગુજરાતી ભાટ અને વાંસફોડા મુસલમાન થઈ ભળી ગયેલા તેઓની ઓલાદના છે સુરત, અમદાવાદ સિવાય બધે સ્ત્રીઓ હિંદુ પહેરવેશ પહેરે છે. કેટલાકની જમીન છે તે ખેતી કરે છે. ઉનાળા શિયાળામાં માંગવા માટે નિકળે છે સાથે સારંગી, ઢોલ, સીતાર તંબુરો રાખે છે. શાદીમાં સ્ત્રીઓ સામે બેસી ગાય છે. અમદાવાદમાં સૈયદ દાદમીયાને માને છે.

(૬૩) ચાટલા :-

એ નામની ભટકતી જાત ઉત્તર ગુજરાતમાં જણાય છે તેઓ જંગલમાંથી લાકડા ગધેડા પર લાદી લાવે છે. દીનનુ જાણતા નથી. તેઓ માને છે કે મરેલા પીર થાય છે. એઓ કબર આગળ ભેગા થઈ દારૂ - બકરાના ગોસ્તનુ ખાણુ કરાવે છે. તે મરેલાને ઉભા દફન કરે છે ઉભી કબર બનાવે છે. જંગલી છે.

(૬૪) છારા :-

અથવા પાધરીઆ કોઈ કોઈ વખત ગુજરાતમાં જણાય છે તેઓની બોલી મુસલમાન સમજી શકતા નથી. ચોમાસામાં બધા એક સ્થળે મળે છે અને શાદીઓ કરે છે. ટંટાઓનો નિકાલ કરે છે. ચોમાસા બાદ વણજારૂ કૂતરાને ગધેડા લઈને ભટકવા નિકળી પડે છે. ભીખ પણ માંગે છે. ચોરી કરે છે. નામના મુસલમાન છે.

(૬૫) ધૂળધોયા :-

ગુજરાતમાં બધે છે. નડિયાદ, મેમદાવાદમાં ઘણા છે. તેઓ ખત્રી જાતિમાંથી મુસલમાન થયા છે. ઉર્દૂ બોલે છે. પહેરવેશ મુસલમાની છે મરદો સોનીના ઘરની ધૂળ ખરીદ કરે છે અને તેને ઝાટકી ધોઈ તેમાંથી રૂપા સોનાની કણી વીણીલે છે. સ્ત્રીઓ કાંતે છે સુન્ની છે બંદગી કરે છે. પોતાનામાં જ શાદી કરે છે.

(૬૬) પખાલી :-

બધે જ છે તેજ જાતના હિન્દુમાંથી મુસલમાન બન્યા છે. મહીની ઉત્તરની સ્ત્રીઓ હિંદુનો અને દક્ષિણની સ્ત્રીઓ મુસલમાની પોશાક પહેરે છે. ઉત્તરના બળદ ઉપર અને દક્ષિણના પાડા ઉપર પખાલ નાંખે છે. સુન્ની છે. કુર્આન જાણતા નથી. બંદગીમાં કાળજી રાખતા નથી. સુરત સિવાય બીજે બધે પોતાનામા જ શાદી કરે છે. અમદાવાદમાં તેમનો એક ચોરો છે ત્યા બધા ભેગા થાય છે.

(૬૭) સીસાગર :-

કપડવંજ તથા થોડાક પચમહાલમાં છે. હિંદુ મુસલમાન બન્યા છે. મરદો અમદાવાદના સુન્ની વહોરા જેવી પાઘડી પહેરે છે. સ્ત્રીઓ મુસલમાની પહેરવેશ પહેરે છે. કેટલાક અફીણ ખાય છે. તેઓ કાચના શીશા–બંગડી બનાવે છે. સ્ત્રીઓ મદદ કરે છે. સુન્ની છે. કેટલાક કુર્આન પઢે છે બંદગી કરે છે પોતાના જથ્થામાં જ શાદી કરે છે. છોકરા ગુજરાતી ભણે છે.

(૬૮) ઘોરી :-

ભટકતી જાત છે ઉત્તર ગુજરાતમાં છે તે ગુજરાતી બોલે છે મરદ–ઓરતનો પહેરવેશ હિન્દુ જેવો છે. ચોમાસામાં ઘાસ બરોડાની ઝુપડીમાં રહે છે. બાકીના દિવસોમાં ૧૦ થી ૫૦ના ટોળામાં જુદા પડી બળદને, અનાજ વેચવા નીકળી પડે છે. તેઓ ઘોરી રસ્તે લૂંટ પણ કરે છે.

બળદ–ઘોડા ચોરે છે. સ્ત્રીઓ છોકરાઓને પકડી જાય છે. નામના મુસલમાન છે તે સુન્નત કરાવે છે. મરેલાને દફનાવે છે હિંદુ દેવદેવીને પણ માને છે. પોતાનામાં જ શાદી કરે છે. શાદીમાં વર તે છોકરીના બાપને બસો રૂપિયા આપે છે.

(૬૯) રફાઈ :–

મુહફોડા મુહમીસરા ફકીર, અમદ કબીરને માનનારા છે. કાછડી વગર ઉચી ધોતી પહેરે છે. જમણા હાથમાં ગુરજ રાખે છે. આપનાર વાર લગાડે તો પોતાના જગાલ આંખમાં ભાકે છે બહુ હઠીલા છે દારૂ પિતા નથી દીન પાળે છે છોકરીઓને ફકીર સાથે પરણાવે છે.

(૭૦) રસુલશાહી :–

(મસ્તાન) થોડા છે તેઓ લુંગી અને પહેરણ પહેરે છે. તેઓ લાકડાના કટોરા રાખે છે. સુન્ની છે. ઘર–સ્ત્રીઓ વિનાના છે દારૂ પીએ છે.

(૭૧) માછી :–

અમદાવાદમાં વધુ છે. ભોઈ અને ખારવામાંથી મુસલમાન બન્યા છે. બે જથ્થા છે. માંહેના પ્રદેશના અને કાંઠાના મીઠાપાણીની માછલી પકડનાર, સ્ત્રીઓ હિંદનો પહેરવેશ પહેરે છે. લગન–મરણમાં બોલાવે તેને ત્યાં જાય છે. કાંઠાના માછી લાંબી સફર કરે છે. ઈંગ્લેન્ડ–ચીન જાય છે. ગોઘામાં હોય ત્યારે દરિયાની માછલી પકડે છે. માંહેના ભાગના માછી નામના મુસલમાન છે.પણ કાંઠાની સ્ત્રી સુધ્ધા ખરા સુન્ની મુસલમાન જેમ રહે છે. કુર્આન જાણે છે બંદગી બરાબર કરે છે. બન્નેમાં શાદી વહેવાર નથી.

(૭૨) નટ :–

હિન્દુમાંથી મુસલમાન બન્યા છે. ગુજરાતમાં બધે છે. ઉર્દૂ ગુજરાતી બોલે છે. મારવાડ–કાઠિવાયાડની બોલી સમજે છે. અંદર અંદર જુદી જ તરેહની બોલી બોલે છે. સાદડા કે સરોડાની ઝુપડીમાં રહે છે. ચોમાસામાં

શહેરમાં રહી શાદી ટંટા પતાવે છે. પછી ગધેડા બકરા ઘેટા કૂતરા મરઘા લઈ આઠ–દશની ટોળીમાં નીકળી પડે છે. દોરડા પર ચાલવાની કે બીજી કસરત કરે છે ગાઈ નાંચી ભીખ માંગે છે કસરતમાં સ્ત્રીઓ પણ ભાગ લે છે. મરદ ઢોલ વગાડે છે છોકરાની સુન્નત કરાવે છે. મરેલાને દફન કરે છે. હિંદુ દેવને માને છે હિંદુ ક્રિયા પ્રમાણે લગ્ન કરે છે નામના મુસલમાન છે મરેલાને કપાળે ડામ આપે છે.

(૭૩) વહાબી :–

જો કે વહાબીઓએ પોતાનો જુદો વર્ગ બનાવ્યો નથી તો પણ ગુજરાતમાં ઘણો વધારો તેમાં થયો છે. ઈ.સ. ૧૮૨૧માં તે મત હિન્દુસ્તાનમાં દાખલ થયો ને ઈ.સ. ૧૮૫૭ના બંદમાં તે પહેલ વહેલું વજન ધરાવતુ જણાયુ મોલવી લિયાકત અલી જેણે કેટલીક પ્રવૃત્તિઓમાં અગત્યનો ભાગ લીધેલો તે નામ બદલી ગુજરાતમાં આવી રહયા હતા. અને ઠામઠામ વહાબી મતનો પ્રચાર કરતા હતા. પણ બ્રિટીશ સરકારને તેમની ગંધ આવી જતા તેમને દેશપાર કર્યા હતા ત્યાર બાદ વહાબી તડાનો વધારો બંધ પડયો. પછી છેલ્લા ચાર વર્ષમાં (૧૮૭૫ થી ૧૮૭૯) તે મત પાછુ સતેજ થયું મધ્ય હિન્દુસ્તાનમાં ઘણા ઉપદેશકો ગુજરાતમાં આવી ઘણાને પોતાના તડામાં ખેંચ્યા. સુન્ની વહોરા, ઉત્તર ગુજરાતના વેપારીઓને દક્ષિણ ગુજરાત ખેડૂતો એમા જોડાયા હતા.

(૭૪) હુસેની બ્રાહ્મણ :–

એ મુસલમાન નથી પણ એ મુસ્લિમ ધર્મની કેટલીક રૂઢી જે હિંદુધર્મની વિરૂધ્ધ નથી તે પાળે છે. અર્થવવેદને માનનારા છે, એ એમ કહે છે. ને હઝરત પયગમ્બર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ની દિકરી બીબી ફાતિમા (રદી.) ના દિકરા ઈમામ હુશેન (રદી.) ના નામે એઓ ઓળખાય છે. મુખ્ય ઠેકાણુ અજમેર છે. પણ અમદાવાદ અને વડોદરામાં પણ છે. આ ફિરકાનો ગુજરાત ખાતેનો વડો વડોદરામાં રહે છે. અને બધે જઈ લાગા ઉઘરાવે છે. અમદાવાદમાં સાત પેઢીથી એ વસ્યા છે ઉર્દૂ

બોલે છે તેઓ બેસર ફકીરમાં ગણાય છે ગૌમાસ ખાતા નથી. દારૂ પીતા નથી. અફીણ, ભાંગ લે છે. ભીખથી તથા હસ્તરેખા કે ગ્રહ જોઈને ગુજરાત ચલાવે છે. અજમેરના ખ્વાજાને માને છે. ટીલી કરે છે. મુરદાને બેઠેલો દાટે છે. મરદ મુસલમાની અને સ્ત્રીઓ હિન્દુ પોશાક પહેરે છે. મુસલમાનના આચાર પાળે છે. રોજા રાખે છે.

(૭૫) મુસા સોહાગ :-

એ ગુજરાતમાં એકાકી જ ફરે છે. સુહાગણનો વેશ ધારણ કરે છે. નાંખમાવાળી પણ ખરી, પંદરમાં સૈકાની આખરમાં પીર મુસા થયા. તે જેવી રીતે સ્ત્રી ઘણી ને ચાહે તેવી રીતે અલ્લાહની ભકિત કરતા હતા. અને એટલા માટે તેઓ સ્ત્રી વેશ રાખતા. તેમણે ઘણા ચમત્કારો બતાવેલા. અમદાવાદમાં ઉત્તર દરવાજાની બહાર થોડેક દુર પીર મુસા સોહાગની કબર છે. આગળ ચંપાનું ઝાડ છે. તેની ડાળીઓ સેંકડો બંગડીમાંથી ભરેલી હોય છે. માનતામાં લોકો બંગડી ચઢાવે છે. બંગડી રહી તો કામ થઈ ગયું એમ માને છે. એમને માનનારા ફકીરો દાઢી રાખે છે તો પણ રાતો દુપ્પટો સ્ત્રીઓની જેમ ઓઢે છે. ઘાઘરોને તુમાન વળી સાથે પગે ઘરેણા પહેરે છે. ઘણા મરદો પહેરવેશ પહેરે છે. પણ નાકે નથ તો પહેરે જ છે સુન્ની છે શાદી કરતા નથી.

(૭૬) મતીયા કણબી :-

ખેડા અને સુરત જિલ્લામાં તાપીને અંબિકા નદીની વચમાં કણબીના બાવીસ ગામો છે તેઓ લેવા કણબી વંશના પણ અમદાવાદના પીરાના પીર ઈમામશાહને માને છે. ઈ.સ. પંદરમાં સૈકામાં વચગાળામાં બનારસથી તેઓ આવતા હતા તે સમયે પીરે તેમને ચમત્કાર બતાવ્યો. તેઓ એ તેને ગુરૂ કરી સ્થાપ્યા, નવસારીમાં સિંઘશાહ છે તેને અને બુરહાનપુરના પીરઝાદાને માને છે. પહેરવેશ ખોરાક બીજા જેવો જ છે તેઓ મોટા અવસરે બ્રાહ્મણને બોલાવી ક્રિયા કરાવે છે. પીરાનાપીરની કબરની જાત્રાએ જાય છે. મૃત્યુ પામેલાને દફન કરે છે તે સિવાય તે બીજી રીતે હિંદુ જેવા છે.

તેઓ મતભેદ બીજા કણબીઓથી જુદા પડયા છે. પોતાના વર્તુળમાંજ પરણે છે.

કાઝી :-

દિલ્હીના મુસ્લિમ બાદશાહો નબળા પડતા ગુજરાતના સુબાઓએ સત્તા પોતાના હાથોમાં લઈ લીધી તેમના રાજયના ન્યાયી વિભાગને સુવ્યવસ્થિત કરવા તેમણે મુસ્લિમોના જુદા જુદા વર્ગમાંથી દીની ઈલ્મના જાણનાર અને સમાજમાં માન–મરતબો ધરાવનાર જુદા જુદા શહેરોમાં કાઝી તરીકે નિમણુંક કરી ઈ.સ. ૧૦૧૪ થી ઈ.સ. ૧૮૫૮ દરમ્યાન કાઝી શફીઉદ્દીન અલી અલ હુસેની, અહમદ શેરવાની, અહમદુલ્લાહ, કાઝી વલી ઉલ્લાહ, સૈયદ અબ્દુલ્લાહ મીર સયફુદ્દીન, બહાદુર અલીખાન, તીરમીઝી, શેખ તાજુદ્દીન, શેખ ગુલામઅલી વગેરે કાઝી બન્યા.

આ બધા અલગ અલગ કબીલામાંથી આવતા રહયા આગળ જતા કાઝી કબીલાના નામે જ એમની અવલાદ સમાજમાં ઓળખાવા લાગી (અકાબિરીને ગુજરાત કિતાબમાંથી સાભાર...)

ઈ.સ. ૧૦૧૪ થી ૧૮૫૮ સુધીમાં ૩૦ મશહુર કાઝી થઈ ગયા છે જેના નામો અકાબિરીને ગુજરાતમાં મોજુદ છે. (પાનુ–૧૫૧)

(૨) ગુજરાતના મુસલમાનોના ઘર, પહેરવેશ, ખોરાક વગેરે....

ઉત્તર દક્ષિણ ગુજરાતમાં ઘરની બાંધણી જુદી જુદી છે. સુરત, ભરૂચમાં તે ઘણા મોટા, ઘણી સગવડવાળાને ઘણા સારા ઘરો છે. કેટલાક નકસીવાળા પણ હોય છે. વર્ષે રૂા. ૧૦૦૦ થી વધારે પેદાશવાળા તવંગરના ઘરને ત્રણ માળ, ઈંટ, ચૂનાની ભીંત અને નળીઆના છાપરા હોય છે. અમદાવાદના જુના ઘરોને થોડી બારી છે પણ નવા બંધાતા ઘરોને વધારે બારી રાખવામાં આવે છે. ગુજરાતના શહેર કસ્બાના તવંગરોના ઘરમાં પાણીના હોજ હોય છે. જેમાં નહાવાને ઘરના કામસર પાણી ભરી રાખવામાં આવે છે. સુરતમાં સાદુ પણ સારુ ઘર બંધાવાને ઓછામાં ઓછા બે હજારને અમદાવાદમાં એક હજાર રૂપિયા જોઈએ. સુરતમાં ઘરનુ ભાડુ મહિને રૂા. ૫/– ને અમદાવાદમાં બે થી ચાર રૂપિયા આપે છે. વચલા વર્ગના લોક વર્ષે રૂપિયા હજારથી ઓછા તે દોઢસો લગીની પેદાશવાળા ઘરની તરેહ પણ ઉત્તર દક્ષિણમાં જુદી છે. સાધારણ ઘર રૂા. ૪૦૦/– થી તે ૬૦૦/– સુધીમાં બંધાય છે. ગરીબના ઘર તે ઈંટ મટોડીના, તટ્ટીવાળા, એકલી માટીનાને છાપરે કામડા કે કરાંઠી ઉપર નળીઆ કે ઘાસ, ઝાવળીને છાજવાળા નાના હોય છે.

તવંગરને ત્યાં નોકરોમાંના કેટલાકને પગાર ઉપરાંત ઘરમાં ખાવાનું પણ મળે છે. ઘણાખરાને તહેવાર ટાણે પાઘડી કપડા બક્ષીસ પણ મળે છે. કોઈ જુના નોકરને શાદીનો ખરચ પણ આપવામાં આવે છે. તવંગર એક ઘોડો અને બળદની જોડી રાખે છે. ઘોડાના ખરચ, ઘોડાવાળા સાથે મહિને વીસ–ત્રીસનો અને બળદની જોડીના હાંકનાર સાથે તેના ખરચ દશથી પંદર રૂપિયા સુધી હોય છે. એક દુજતી ગાય પણ હોય છે. જેનો ખરચ મહિને ૧૦ રૂપિયા વધારે હોતો નથી. બકરા પાળે છે. દોઢ બે રૂપિયાનો બકરો અને તેનો ખરચ મહિને એક રૂપિયો થાય છે. વચલા વર્ગને કેટલાક દક્ષિણ ગુજરાતમાં નાના બળદ 'ગેણા' રાખે છે. જેનો ખરચ ઘણી

મોંઘવારીમાં પણ મહિને ૧૦ થી વધારે થતો નથી. ગરીબ વર્ગ મરઘી રાખે છે અને બચ્ચા તથા ઈંડા વેચે છે. દક્ષિણ ગુજરાતના મુસલમાનો બિલાડી પાળે અને સ્ત્રીઓ પોપટ પાળી તેને બોલતા શીખવે છે સાધારણ અડસટ્ટાથી કહેવાય કે સારી હાલતવાળાનો ઘર ખરચ મહિને રૂપિયા ત્રીસ ચાળીસનો અને વચલા વર્ગનાનો રૂપિયા પાંચથી દશ સુધીનો થાય છે.

પહેરવેશ :–

તવંગર મુસલમાન ઘરમાં મખમલની કે કસબ ભરેલી કે સુતરાઉ ટોપી પહેરે છે. પહેરણ અને સુતરાઉ કે ઈલાચીના સરવાળ પહેરે છે. શીયાળામાં મખમલ કે બનાતનો કબજો પણ પહેરે છે. અને કોઈ કોઈ મોજા પહેરે છે. પણ ઘણા પગ ઉઘાડા રાખે છે. બહાર જાય ત્યારે પાઘડી કે ઢીલો વીટાળેલો દુપટ્ટો પહેરણ પર બેસતો અંગરખો કે ડગલો પહેરે છે. કસબી ભરેલા અને ચાંમવાળા જોડા પહેરે છે. તહેવાર ટાણે અવસરનો પોશાક તેજ પણ ઉંચી કિંમતનો હોય છે. વચલા વર્ગનો પોશાક તેજ પણ ઓછી કિંમતનો હોય છે. ગરીબ મુસલમાનો ઘરમાં ટોપી પહેરણ પહેરતા નથી. પગ ખુલ્લા રાખે છે. ફક્ત સફેદ પટાવાળા પાયજામો પહેરે છે. બહાર જાય ત્યારે તેને રંગીલી પાઘડી, અંગરખો દુપટ્ટોને જોડા તળિયાના જોડા હોય છે. તવંગર ઓરતો ઘરમાં પહેરવેશમાં ઓઢણી, અંગીઆ, પેશવાઝ, કુરતા અને ઈજાર પહેરે છે. સ્ત્રીઓમાં દક્ષિણની રૂમાલને ઉત્તરની દુપટ્ટો કે ઓઢણી માથે નાખે છે. પોશાકના રંગ બાબત સઘળા વર્ગની સ્ત્રીઓ માટે એક સરખી રીત એ છે કે જુવાન પરણેલાને લાલ, ઘરડાને સફેદ અને વિધવાને કાળા કે ભૂરા રંગના કપડા હોય છે. સુરવાલ મરદના કરતા વધારે બેસતી હોય છે. ઊંચી એડીની કસબી મિરઝાઈ જોડી પહેરે છે. સ્ત્રીઓને બહાર જવાનો રીવાજ નથી. તેથી તેના માટે જુદા પોશાક નથી. તેમનો તહેવાર, પ્રસંગનો પોશાક જુદો નથી પણ થોડો કિંમતી હોય છે. દક્ષિણ ગુજરાતની ઓરતો બહાર નીકળતી નથી. પણ ઉત્તર ગુજરાતમાં કેટલાક સગા સબંધીઓને ત્યાં રાતે જાય છે. ત્યારે પેશવાઝ પહેરે છે. અને માથુ ચહેરો ચાદરથી ઢાંકે છે.

અમદાવાદમાં કેટલાક સુન્ની ઓરતોને સુરતમાં શીયા વહોરાની સ્ત્રીઓ બુરખો પહેરી દિવસે પણ બહાર નીકળે છે. ગરીબ વર્ગમાં હલકી કિંમતનો પહેરવેશ પહેરે છે અને પગ ઉઘાડા રાખે છે. દક્ષિણ ગુજરાતમાં કામ કરવા જવા બહાર જતા ચાદર અને ઉત્તરમાં દુપટ્ટો ઓઢે છે તવંગર અને વચલા વર્ગના ચાર વર્ષ ઉમરના બાળકને ઘુંટણ સુધી આવતો ઢીલો કુરતો ને ટોપી પહેરાવવામાં આવે છે. ગરીબ વર્ગમાં કંઈ પહેરાવવામાં આવતુ નથી. પાંચેક વર્ષની ઉમરે બિસ્મિલ્લાહ થયા પછી છોકરાને બાપના જેવો જ પોશાક અને સ્ત્રીઓનો માં ના જેવો પોશાક હોય છે. ફેર એટલો કે બાર વર્ષની ઉમર સુધી તે ટોપી પહેરે છે. મરદના ઘરેણામાં પાઘડી પર બાંધવાનો જડાવ સિરપેજ કલગી તોરા મોતીની સેર કાનની વાળી, કંઠો, ઉતરી, પહોંચી, કે કડુ, અંગુઠીને પગે તોડો હોય છે. સ્ત્રીઓને માથાના લટકણ, ચંદતારા, મોર, કપાળે ટીકો, કાન પાન બલિયા, કાંટો, કરણ ફુલ, ઝુમખા, બંગડી, વીજળીની વાળી, મુરકી, દુલ, નાકે નથ, બુલાખ, બેસર, કોટે દાણિયું, તુળસી પાટિયા, કંઠી, ચંપાકળી, માળા બુટ્ટી, અશરફીનો હાર, ચીનમાળા, ચંદનહાર, હાથે બાજુ બંધ જહોગીરી, કગંન, પહોંચી, અંગુઠી, પગે ટાંડા, કડમાદા, મંકોડા કાંબી, પાઈજેબ, જોડવા, બિછવા પહેરે છે.

ખોરાક :-

દક્ષિણ ગુજરાતમાં સવારવાળુ (નાસ્તો) ખાવાનુ તે સારી રીતે રહેવાનુ પસંદ કરે છે. ઉત્તર ગુજરાતના કંજુસાઈથી રહે છે. ઉપલા વર્ગોમાં ઘઉની અને નીચલા વર્ગમાં બાજરીની રોટલી, દક્ષિણમાં જુવાર વપરાય છે તવંગરને ત્યાં તરકારીમાં બકરાનુ ગોસ્ત માછલી, દહી, છાશ અને એમાના એક બે વાના ગરીબને ત્યાં પણ હોય છે. પીવામાં ચાહ, કોફી ને પાણી તવંગરને વચલા વર્ગમાં સવારે ચાહ પીએ છે. સ્ત્રીઓ કોફી પીએ છે. વચલા વર્ગોમાં મરદને ગરીબ વર્ગના થોડાક કોફી પણ પીએ છે તવંગરને ત્યાં સવારે સાત વાગે ચાહ કે કોફીને મીઠાઈનો નાસ્તો, બપોરે મોણ વગરની રોટલી, કલીઆ, ખીમો, મલાઈ, શાકને કોઈવાર ચાવલની પીવામાં સરબત

કે ચાહ અને રાતે સાત વાગે ચાવલ, ખીચડી પુલાવ ઘી સાથે અને કોઈ જાતનું ગોશ કે માછલી, કઢી કે કેરી લીંબુ કેળા વળી કોઈ કુટુંબમાં સરબત હોય છે. વચલા વર્ગમાં સુરત ભરૂચમાં ત્રણ વખત ખાય છે. સવારે ચાહ કોફીને રોટલી અંગીયાર વાગે, નાસ્તો, મોણવગરની રોટલીને બકરાનુ ગોસ્તનો સેરવો ખિચડી, કઢી, વગેરે મહીની ઉત્તરે નાનુ ખાનુ થોડાવાનાનુ ને સોયું છે. સવારે શાકભાજી કઠોર કોઈવાર ગોસ્ત સાંજે ખીચડી ઘી, કાંદા, સૂકા મરચાને આમલીનું પાણી (બરબટ) ગરીબ મુસલમાન દિવસમાં બે વખત ખાય છે. સવારે અગ્યાર વાગે નાસ્તો જુવાર કે બાજરીનો રોટલા, માછલી, કઠોળ અને સાંજે સાત વાગે ખિચડીને ઘી, કાંદા મરચા. તહેવાર તથા જાહેરખાવાના દિવસો વર્ષમાં વીસેક આવે. તે સિવાય તેના ખાવામાં માછલી વિના બીજો કોઈ જાનવરનો ખોરાક હોતો નથી. તવંગર કુટુંબમાં ડાંગર ઘઉં, જુવાર, બાજરી, દાળ, બાળવાના લાકડાને ઘેર દીવા તથા રસોઈના ખપનુ તેલ એ વર્ષના માટે ભરી રાખવામાં આવે છે. ઘી મીઠુ ચાહ કોફીએ એ મહિના માટે રખાય છે અને રોજ ખરીદવામાં શાક, ફળ, મસાલા, ખાંડ, પાન, તંબાકુ, અફીણ ખાનારા તે મહિનાના માટે રાખી મૂકે છે. ગરીબમાં કોઈ કોઈ મહિનો ચાલે તેટલુ અનાજ ભરે છે. બાકીની ચીજ દરરોજ લાવે છે. તવંગરને ત્યાં પાંચજણનો રોજનો ખાધા ખરચ સાધારણ રીતે તો તે બે રૂપિયા વચલા વર્ગમાં ઘરના ત્રણ જણનો ખરચ બારઆના ને ગરીબ વર્ગના ત્રણ જણનો ચારઆના થાય છે. ઉત્તર ગુજરાતમાં મુસલમાનોમાં અફીણ ખાવાની આદત છે. જેનો મહિને દશેક રૂપિયાનો ખર્ચ આવે છે. તંબાકુ મરદ—ઓરત બન્ને વાપરે છે મરદ તપખીર સુંઘે છે. હુકો પીએ છે. સ્ત્રીઓ પાનના તંબાકુ ખાય છે. દક્ષિણ ગુજરાતમાં હુકાનો રિવાજ નથી. કોઈક હુકો પીએ છે. વીરમગામની તપકીર મશહુર છે. તે લોકો સુંઘે છે. અમદાવાદમાં દીવાનખાનામાં બેસી મરદ ઓરત સાથે ખાણુ ખાય છે. જયારે ગરીબોમાં પહેલા મરદ ખાય છે. પછી ઓરત ખાય છે. ખાતા પહેલા સૌ બિસ્મિલ્લાહ બોલે છે. ગુજરાતના મુસલમાનો જયારે ત્યારે ખાવાની દાવત આપે છે. મૈયતના ખાનાળા ખાતા પહેલા બંદગી

કરી ખાનાનો સવાબ મરનારની રૂહને પહોંચે એવી દુઆ કરે છે. ત્રણ જમણ મોટા કહેવાય છે. બિરયાની, દાલપુલાવ જુદા જુદા તહેવારે જુદી જુદી જાતનુ ખાવાનું બનાવવામાં આવે છે.

રોજની કામગીરી :–

મુસલમાનો દરરોજ સવારે ઉઠીને હાથપગ મોં ધોઈ (વજુ) ઘરે યા મસ્જીદમાં જઈ નમાઝ પઢે છે તેમાં તવંગર થોડાક જ હોય છે તે તો સાત વાગે ઉઠે છે હાથ મોઢું પગ ધોઈ અફીણ લેનારા તે લે છે ચાહ કોફી પીએ છે હુકકો પીએ છે અને પછી દોસ્તો સાથે વાતોના તડકા મારે છે અગ્યાર વાગે નાસ્તો કરે છે. પછી કામે જવુ હોય તો જાય કે સૂવે છે. સાંજે ગાડીએ કે ઘોડા કે પગે ફરી આવે છે. સાંજે સાત વાગે ખાય લે છે. વચલા વર્ગના હાથ પગ મોઢું ઘરે ધોઈ બંદગી કરે છે કે મસ્જિદમાં બંદગી કરી આવે છે પછી કામકાજ કરે છે. ઉત્તર ગુજરાતમાં પાછલે પહોરે અફીણના બંધાણી અફીણ લે છે. રાતે ખાધા પછી સેંતરંજ રમે છે. વાતો કરે છે. ગરીબ વહેલો ઉઠી મસ્જિદમાં બંદગી કરી આવે છે. પછી બજારમાંથી લાવવાનું હોય તે લાવે છે. નાસ્તો લઈ કામે જાય છે. સાંજે ખાઈ બંદગી કરી સુઈ જાય છે. સઘળા મુસલમાન શુક્રવારે (જુમ્મા) આરામનો દિવસ ગણે છે. નહાય ધોઈ મસ્જિદે જઈ શુક્રવારની બપોરની ખાશ બંદગી અદા કરે છે.

તવંગર ઓરતો સવારે ઉઠી શણગાર કરી નાસ્તાની તૈયારી કરાવે છે. નાસ્તો કરી એક બે કલાક સુએ છે. પછી સીવે છે ભરે છે. વાતો કરે છે સેતરંજ રમે છે પાછલા પહોર ઓરતો મળવા આવે તો તેમને મળે છે યા કોઈને ત્યાં જાય છે. રાત્રે ખાય સૂઈ જાય છે. યા ઉર્દૂ કિસ્સાઓ વાંચે છે. યા સાંભળે છે. વચલા વર્ગની ઓરતોનો સમય ઘરકામમાં રાંધવામાં વધારે જાય છે. કેટલાક સીવેલા ભરેલા કામ ઘરડાઓ મારફત વેચાવે છે. ઉત્તર ગુજરાતમાં તવંગર અને વચલા વર્ગના સૂતર કાંતે છે ને વણે છે. વાણીઓ સાથે આપ લે કરે છે. ગરીબ એઓ મળસકે ઉઠી દળે છે. પાણી ભરે છે નાસ્તો તૈયાર કરે છે. પછી ઘર માટે કે વેચવા માટે ટોપીઓ તૈયાર કરે છે. ઉત્તર ગુજરાતમાં પાઘડી, ધોતીઓ વણે છે ને કસબી ભરત ભરે છે.

ધંધો અને હાલત :-

સઘળી જાતના ધંધામાં મુસલમાનો કામે લાગેલા છે પણ મોટી સંખ્યા ખેતી તેલ બનાવવાનું, રૂ કાતવું, વણજ વેપારમાં છે સરકારી નોકરીમાં ૫૪૪૨ ફોજમાં છે, પોલીસમાં, પોસ્ટમાં થોડાક કલાર્ક ને સ્કૂલ માસ્તર છે. ઉત્તરના દરજ્જાની નોકરીવાળાની હાલત સારી નથી. ખાનગી નોકરીમાં ૪૧૯૫ તેમાં ૧૦૭૨ હજામ, તે કમાણી હોવા છતાં ઉડાવ પણાથી કરજ માં છે. જમીન સબંધમાં ૪૮૭૧૪ તેમાં માલકીવાળા ૪૫૮૯૬ તેમાંના ઘણાક દેણદાર છે ને તેઓની જમીનગીરોથી કે વેચાણથી તેઓના લેણદાર પાસે છે. નાના જમીનદાર સુન્ની વહોરા છે તે સારી હાલતમાં છે. ખેડનાર ૨૨૭૯૨ તે સારી હાલતમાં છે. મજુરી કરનારા ૧૯૧૨ તે ગરીબ છે વેપાર ધંધાવાળા ૪૯૬૮ તેમાં શિયા વહોરાને લોખંડના કામની દુકાન તેલની વખાર વિલાયતી સમાજની દુકાનો રાખે છે. કરકસરથી રહેવાવાળા છે. ને સારૂ કમાઈ છે ને સંગ્રહ કરે છે. બીજા ધંધા કરનારા ૯૦૭૧૧ તેમાં ઘાંચી ૨૮૮૪ કમાણીવાળા છે. રૂ કાંતનારા વણનારા ૮૧૯૩ તે ગરીબ ને કરજદાર છે બીજા ઘણાક ધંધા થોડી થોડી સંખ્યામાં છે જેમાં થોડા થોડા સારી હાલતમાં ને કોઈ ખરાબ લાચાર હાલતમાં ૪૯૧૪ છે. વળી ધર્મના સબંધમાં મીસ્જદના નોકર ગરીબ છે. ધર્મ શીખવનારા ઠીક અને ઉપરી પીરજાદાઓ તે દબદબાથી રહે છે. હકીમ સારી હાલતમાં છે. ગાનાર, નાચનાર, ચિતરનાર વગેરે તે ઉદાવ ને ખરાબ હાલતમાં છે તવંગરની ઓરતો વચલા વર્ગની ઓરતો પોતાના ઉધોગથી કઈ કમાતા નથી. પણ ગરીબ વર્ગની ઓરતો કઈ ને કઈ કમાઈ લે છે.

ઉત્તર ગુજરાતમાં પાઘડી વણી, ભરત ભરી કેટલાક સ્ત્રીઓ મહિને રૂા. ૪/– સુધી મેળવે છે. દક્ષિણ ગુજરાતમાં કોઈકોઈ ચુંદડી બાંધવાના કામમાં દરરોજ આઠઆના કમાય છે ને બીજા ટોપી વગેરે ભરનારા મહિને રૂા. ત્રણેક કમાય છે. નિરાશ્રિત વિધવાઓ મજુરી કરે છે અને સુન્ની વહોરાની સ્ત્રીઓ ખેતી કામમાં મરદોને મદદ કરે છે.

ઘણા ખરા ધંધામાં હિંદુ, પારસી અને મુસલમાન છે પણ કેટલાકમાં તો મુસલમાન જ છે. ગાનાર, નાચનાર, વાજા તાંશા વગાડનારે ૪૩૩, વાઢકાપ કરી દવા કરનાર હજામ ૧૦૭૦ ચાબુક સવાર ૨૬૯, કલાઈગર ૧૬૭, બંગડી વેચનારા ઉત્તર ગુજરાતમાં ૧૯૭૮ કસબી ભરત ભરનારા અને ફુલ બનાવનારા દક્ષિણ ગુજરાતમાં ૪૪૬, કસાઈ ૭૫૧, અત્તર વેચનારા ૧૫૮, અને કઠિયારા ૩૭૦ કારીગીરીમાં મુસલમાન હિંદુથી ઊતરતા નથી. કસબી ભરત તેઓનો ખાસ હજાર છે. સીસા રૂપાનુ કામ જે બીદરી કહેવાય છે. તેનો છૂપો કિસબ તેઓજ જાણે છે. થોડાક કુટુંબો તેમાં નિપૂર્ણ છે. ગુજરાતના મુસલમાનોની હાલત બાબત કહેવાય છે કે મહી નદીની ઉત્તરના વધારે કરકસરથી રહેનારા છે અને ઉત્તર ને દક્ષિણ ગુજરાતમાં જે ઘણીજ આબાદાનીમાં છે તે હિંદુ ઓલાદના છે હિંદુ કરતા ઓછા કસરીઆ છેક ઉડાવ પણ નથી. સુન્ની અને શિયા વહોરા, મોચી, આરબ સિપાઈ, પોતાની કમાણીમા ઉમેરો કરનારા છે હિંદુ ઓલાદના થોડાક સિવાય મુસલમાનો વ્યાજે નાણું ધીરવાનો ધંધો કરતા નથી. બેંકમાં મૂકતા નથી પ્રોમીસટી નોટ લેતા નથી. બાપના દેવાનો બોજો બેટા પર પડે છે. ગરીબ જણસો ગીરો મુકી સેંકડે ૧૨ થી ૧૮ ટકાને વ્યાજે નાણા લે છે અંગ પર લેનાર સેંકડે ૪૦–૫૦ ટકાને ભાવે પણ લે છે. એમ ઘણા કુટુંબ કરજમા નીકળી ન શકે તેવી હાલતમાં છે પાંચ જિલ્લા મળીને ૧૪૭૧૭૬ અને સ્ત્રીઓ ૧૩૭૩૫૭ છે.

વિશેષ માહિતી

ધર્મ :-

મુસલમાની ધર્મના સુન્ની અને શિયા બંને ગુજરાતમાં છે કુલ વસ્તી ૯,૯૩,૩૨૪ છે તેમાં ૫૦૭૪૪૦ સુન્ની અને ૪૨૨૭૯૩ શિયા છે. સુન્નીમાં શેખ, સૈયદ, પઠાણ જેવા પરદેશી ઓલાદના અને દેશી ઓલાદના ૫/૬ છે. શિયામાં ઘણાક મોગલ તથા કેટલાક સૈયદ અને દેશી જથ્થામાં ઘણાક વેપારી તાઈ, મોમના છે. ગુજરાતમાં સુન્ની ફિરકો ઘણુ કરીને હાકેમોના હુકમથી (બાદશાહોના) અને શિયા ફિરકો વાએજ કરનારાઓના સમજાવવાથી ચાલ્યો છે.

અલ્લાહ એક છે, દુનિયાનુ રાજ ચલાવનારો છે. સુખ, દુઃખ આપનારો તેજ છે. તેને માનવો, ફરિસ્તાને, તેની નશીઅતથી કિતાબોને (યહૂદી અને ખ્રિસ્તીની કેટલીક અને કુર્આનની સઘળી) તેના પયગમ્બરો, કયામતના દિવસને માનવા મુસલમાનના દિન (ઈસ્લામ) ની મોટી બાબત છે મુસલમાનોને દિવસમાં ૫ વખત નમાઝ પઢવી (શિયા મુજબ ૩ વખત) ગરીબને ખેરાત કરવી રમજાનમાં રોજા રાખવા, મકકા હજ કરવા જવું, શિયા અને કરબલા તથા શાહનજર જવું. અને કુર્આનમાં ફરમાવેલી ઈબાદત કરવી. શુક્રવાર (જુમ્મા) રમજાનમાં, બકરાઈદના તહેવારમાં બંદગી સાથે વાએજ પણ કરવામાં આવે છે. મરણ વખતની બંદગીમાં ' અલ્લાહો અકબર' (અલ્લાહ મોટો છે.) વારંવાર બોલ્યા કરે છે.

ગુજરાતના મુસલમાનો જો કે ઘણાખરા ધર્મ બાબત ઘણી ઉલટવાળા નથી તો પણ મોટા ફરમાન પાળવામાં ખંતીલા છે. સુન્નીઓ અને શિયાઓ બન્ને શુક્રવારની નમાઝ પઢવા એકઠા થાય છે. અને રમજાનમાં તરાવીહ રાતે પઢવા ભેગા થાય છે. કેટલાક સુન્નીઓ મોહરમને ઘણું કરીને ગમ્મતમાં કાઢે છે પણ શિયા મરદ અને ઓરતો ઘણી ગમીમાં તે દિવસો ગુજારે છે. શિયાઓ થોડાક જથ્થા મુલ્લાને અને સુન્નીઓ ઘણાક પીરજાદાને માને છે. સ્ત્રીઓમાં થોડાક ઘણુ કરીને સૈયદોને

પરણીલી દીકરીઓ, કેટલાક શેખ વેપાર ધંધો કરનારા સુન્ની અને શિયા તે કુર્આન અને ધર્મની કિતાબો સારી રીતે પઢેલા હોય છે. ઘણી સ્ત્રીઓ પણ ધાર્મિક છે પણ તેમને બંદગી માટે જાહેર જગ્યામાં આવવાની રજા નથી. તો પણ તેઓ પોતાની રોજની બંદગી કરે છે અને રોજા રાખે છે. કાળજી લે છે.

ધર્મના મકાન ત્રણ જાતના છે. મસ્જિદ, નમાઝગાહ કે ઈદગાહ જયાં બંદગી કરવામાં આવે છે શિયા માટે ઈમામવાડા છે જયાં થઈ ગયેલા ઈમામની (ધર્મ મત ચલાવનાર) તારીફ વાંચવામાં આવે છે. અમદાવાદ અને સુરતમાં મસ્જિદો ઘણી છે પણ તે ઘણી ખરી જુની છે. નવી મસ્જિદો થોડી બંધાય છે. મસ્જિદને સાફ કરનાર રાતે દીવો કરનાર જે મજાવર તે બહારથી આવેલા પઠાણ કે હિન્દુસ્તાની હોય છે તેને મહિને રૂા. ૦૧૧ થી બે રૂપિયા સુધી આપવામાં આવે છે. કબ્રસ્તાનની સંભાળ રાખનારને માટે પણ કંઈ મળે છે. મસ્જિદ સમારવા તેમાં દીવા કરવા વગેરે ખરચ વકફની જમીન કે ઘર કે દુકાનના ભાડામાંથી નિકળે છે. એ નાણા કોઈ સારા કુટુંબમાં રાખવામાં આવે છે તે મુતવલ્લી કહેવાય છે. જો ધર્માદા બક્ષીશ કંઈ ન હોય તો ઉઘરાણામાંથી ખરચ ચલાવવામાં આવે છે. ઈદગાહ ઘણુ કરીને ગામ કસ્બાની બહાર સુન્નીઓ બંધાવેલી હોય છે. તેઓ રમજાન ઈદ અને બકરી ઈદ પર બંદગી કરવા ત્યાં જાય છે. વાએજ સાંભળે છે. ઈમામવાડા ફકત શિયાઓ વાપરે છે તેને આખા ગુજરાતમાં બેજ છે. એક સુરતમાં અને બીજો ખંભાતમાં (મોટો) મહોરમમાં કરબલાની પાક જગા જે અરબસ્તાનમાં છે તેની તસ્વીર રાખવામાં આવે છે. ને રૌઝા નામની કિતાબમાંથી કેટલાક બાબ વાંચવામાં આવે છે અને ત્યાં શોકના ગીત ગાય છે ને છાતી કૂટે છે. (મરશીયા ગાય છે.) દીનનો રસ્તો દેખાડનાર તે મુલ્લા, ખતીબ, શિયામાં મરસીઆબાન મોલવી, કાઝી છે. મુલ્લાનો દરજજો છેલ્લો છે. હર કોઈ જે કુર્આન વાંચે અને બંદગી કરી જાણે તે મુલ્લા થાય, તે ઘણુ કરીને ગરીબ બાપનો બેટો હોય છે. મુલ્લાની જગાનો ઉમેદવાર તે મસ્જીદના મુતવલ્લીને અરજ કરે. મુલ્લા શાદી કરતા નથી ને જે કોઈ કરે

તે મુલ્લાના દરજજો છોડી બીજો ધંધો કરે છે. મસ્જીદના ડર માટે તેનુ આ કામ કે પાંચ વખત મુસલમાનોને બંદગી કરવાને બોલાવવા ને આગળ થઈ બંદગી કરવીને મુજાવર ન હોય તો તેનુ કામ પણ કરવું તે મસ્જિદ પાસે ઝુપડીમાં મકતબ (નિશાળ) રાખે છે. જયાં સવારે સાતથી નવ સુધી ને બારથી ચાર સુધી દશ પંદર છોકરાને કોઈ કોઈ વાર છોકરીને કુર્આન વાંચતા શીખવે છે. પછી તે માઈનો સમજતો હોય યા નહિ. મરસીઆબાન મહોરમમાં હસન હુસેન અને કરબલાના બીજા પીરોની તારીફ મરસીઆ ગાય છે. તેને ફારસી તથા ઉર્દૂ ભાષાનું થોડુ જ્ઞાન હોય છે તેને પોતાનો ધંધો હોય છે. જયા કાઝી નથી હોતા ત્યાં શુક્રવારે ને તહેવારના દિવસે ખતીબ ખુતબો વાંચે છે. ઉત્તર ગુજરાતમાં ખતીબ તે એક પેઢી દર પેઢીના હોય છે મોલવી ઘણા ખરા સૈયદને ઉંચા કુળના હોય છે. તેઓ અકલમંદ, સારા પઢેલા છે ને કેટલાક ને અરબીભાષાનું સારૂ જ્ઞાન છે તેઓ વાએજ પણ કરે છે. ધારાની બાબતમાં મત આપે છે. કેટલાક આઠ નવ મહિના ગામોમાં ફરે છે. વાએજ કરે છે શાદી વખતે તેને બોલાવવામાં આવે છે. તે માંદા માણસને કુરાનમાંથી કાઢેલા ફકરા લખી આપે છે (તાવીજ) કેટલાક તવંગર છે ને બીજા પણ ખરાબ હાલતમાં નથી. કાઝી નુ કામ મુસલમાની હાકીમીમાં દીવાની ફોજદારી ઈન્સાફ ચુકવવાનું હતું. હાલ તે રમજાન તથા બકરી ઈદના તહેવારોમાં આગળ પડી બંદગી કરાવે છે. શાદી તથા તલાકની નોંધ રાખે છે. મુસલમાનોમાં કાઝીનો દરજજો મોટો મનાય છે. વહાબી અને જૂના માર્ગના મોલવી કોઈ કોઈ બીજી કોમના લોકોને મુસલમાની દીનમાં લેવાની કોશીષ કરે છે તે સિવાય હાલ ગુજરાતમાં મુસલમાની ધર્મ ફેલાવવાની તજવીજ ચાલતી નથી.

આઠમા મહિને શાબાનની શબે બરાતની ચૌદમી રાતે ન જન્મેલા જીવોના નસીબ બહેતર લખાય છે. સુન્નીઓ બંદગી કરે છે. મીઠાઈ સાથે રોટલી ખાય છે. સગા દોસ્તોને ત્યાં મોકલે છે. આતશબાજી ઉડાડે છે. જે ઘરે છોકરા છોકરીના વેવિશાળ થયો હોય તેને ત્યાં મોકલે છે નવમો મહિનો રમજાનનો ૧૯મો અને ૨૧મો રોજો શિયા પાળે છે. પહેલો (કતલે

ઈમામઅલી) તે અલી (કર.) ઘાયલ થયા તે ને બીજો હઝરત અલી (કર.) તે વફાત પામ્યા તે બે દિવસ તેઓ શોક કરે છે અલી (કર.) માટે બંદગી કરે છે માગનારને ખાવાનું આપે છે. દશમો મહિનો (શવ્વાલ) તેને પહેલે દિવસે રમજાન ઈદ થાય છે સઘળા શિયા સુન્ની મરદ–ઓરત નવા કપડા પહેરે છે. ગરીબને આપે છે. સેવ, દૂધ, ઘી, ખાંડ ખજુર ખાય છે. અને આઠ–બારની વચ્ચે કાઝીને ઘર જઈ તેને સાથે લઈ ઈદગાહ જાય છે. ત્યાં દોઢેક કલાક બંદગી કરી પછી ઘરે જઈ ખાનુ ખાય છે. બારમો મહિનો (ઝીલ હજ્જ) તેના દશમાં દિવસે મકકામાં હજના મોટા દિવસો (ઈદુદદુરા) અથવા બકરા ઈદ તહેવાર છે ઈબ્રાહીમ (અલ.) પોતાના બેટા ઈસ્માઈલનો ભોગ અલ્લાહને આપ્યો હતો તેની યાદમાં સુન્નીઓ ઈદગાહમાં જઈ બંદગી કરે છે અને ત્યાંથી ઘરે આવીને બકરા કાપે છે. (કુરબાની) ને તેનું ગોશ સગા દોસ્તોમાં મોકલે છે. ગરીબ ભીખારીને પણ આપવામાં આવે છે.

મુસલમાનોનો દીનની બાબતો પર યકીન છે તે ઉપરાંત મુસલમાન જીન, સેતાન, ભૂત, ડાકણ, જાદુને માને છે તેવાની ચોટમાં આવેલાંને સારા કરાવવા સૈયદ કે મુલ્લા પાસે જાય છે ને તેઓ કુર્આનમાંથી કેટલાક વચન ભણે છે, ધૂપ કરે છે, ને તાવીજ બંધાવે છે. બૂરી નજર લાગવાના ડરે મુસલમાન અજાણ્યા માણસના દેખતા ખાણુ ખાતો નથી ને બાળકને બહાર ફેરવતા પહેલા કાજળનું ટપકુ કરે છે. સુકનમાં પણ માને છે. ઘુવડનું બોલવું તે બાળકની જીંદગીને ધાસ્તીવાળુ છે. પણ અનાજની ખેરાતથી તે ધાસ્તી મટે છે. કબુતરનુ બોલવુ નુકશાનને કાગડાનું બોલવું તે સગા કે દોસ્તોનું આવવુ સુચવે છે. મધરાતે કુતરુ રડેતો ત્યાં કોઈ માણસનું મોત થશે એમ ચેતવે છે. મારગમાં બિલાડી આડી ઉતરે તે નઠારૂ. ચહેરાતી ચામડી ચળવળે ને સારૂ આંખ ફરકે જમણી તે સારીને ડાબી તે નરસી. અઠવાડિયાનો દરેક વાર તે કેટલાક કામ માટે સારાને કેટલાકના માટે નરસા. મુસાફરી એ જવા માટે ચોકકસ દિવસો સારા કહેવાય છે.

નોંધ :– ખેરાત કરવી તે હજ કરનારને ભીખારીને દેણદારને દીન ના આગેવાનને, બાખીકો ધર્મ છોડી મુસલમાન થનારને (ખેરાતની ચીજો પાંચ પૈસો, ઢોર, અનાજ, ફળને ધંધાનો માલ)

રીત રિવાજ :–

દુલ્હનને પહેલી વખતનો હમલ હોય ત્યારે સાતમે કે નવમે મહિને એક દિવસ વરવહુના સગા ઓરત મરદને વરના ઘરે મળે છે. રાતે ખાધા પછી એક રૂપિયો, ભુજેલુ થોડુક ભાત સાત કે નવ જાતના ફળ નાળિયેર સાથે તે બધાને એક નવા કપડામાં વીટાળે છે તેને વહુ હાથ લગાડે છે પછી વર પાસે મોકલવામાં આવે છે. એમ સાત કે નવ વખત કીધા પછી તે વરની બહેન કે બહેનોને આપવામાં આવે છે. અને બીજે દિવસે નાસ્તો લઈ સગાઓ, પોત પોત પોતાને ઘરે જાય છે. ને પોટલામાં ૧ાા થી તે ૧૧ રૂા. સુધીનો માલ હોય છે. ખાનાનો ખરચ તવંગર હજાર બે હજારનો કરે. વચલા વર્ગવાળા પાંચસો સુધી કરે અને ગરીબ જો કરે તો પાંચ દશ રૂપિયાનો ઉપર મુજબ રીત થયા બાદ વહુ પીયર જઈ સુવાવડ કરે છે. અને બાળક અવતર્યાની વધાઈ તેને સાસરે જાય છે કે પછી ત્યાં હિજડાઓ બક્ષિસ લેવા આવે છે. બાળકને નવડાવે કે પછી તરત તેના કાનમાં અજાન જેનો પહેલો બોલ અલ્લાહો અકબર છે તે કહેવામાં આવે છે. જન્મ સમયનો ખરચ તવંગરને ત્યાં અઢીસો સુધીનો અને ગરીબને ત્યાં એક રૂપિયાનો પણ હોય.

જન્મ થયા પછી છઠ્ઠી દિવસે બાળકનું નામ પાડે છે. બાપ દાદાને બીજા સગા કુર્આન ઉઘાડીને પાનાની બીજી લીટીના પહેલા બોલનો પહેલો હરફ જે હોય તે નામનો પહેલો હરફ રાખવામાં આવે છે. તે તેને એક રકાબીમાં મૂકે છે તેની સાથે ભાત કે જુવાર ને ફળ રાખે છે બાપને ત્યાંથી આવેલું બક્ષીસ આપવામાં આવે છે. ને થોડાક રૂપિયા સોયાણીને આપે છે. જન્મ આપનારને બારીએ લઈ જઈ સાત તારા ગણાવે છે ને પછી સૌ પોત પોતાના ઘરે જાય છે. બાપની તરફના એ કરેલુ બક્ષિસ તવંગરમાં

૨૦ થી ૫૦ રૂપિયાને વચલા વર્ગમાં ૧૦ થી ૨૦ ને ગરીબમાં રૂા. ૨ાા થી ૧૦ સુધી થાય છે. સાતમે કે ચૌદમે કે વીસમે દિવસે અકીકાની ક્રિયા કરે છે. બાળકનું માથુ બોડાવી નાખે છે ને છોકરી હોય તો એકને છોકરો હોય તો બે બકરા કાપવામાં આવે છે. હજામ બાળકના માથે અસ્તરો ચલાવવો શરૂ કરે છે તેજ વખતે બાળકનો બાપ બકરાને ગળે છુરી ચલાવે છે. ને પઢે છે કે મારા બાળકને વાસ્તે આ જાનવરનો ભોગ આપુ છું, લોહીને લોહીનો, ચામડીને વાસ્તે ચામડીનો, ગોશના વાસ્તે ગોશનો અને બાલના વાસ્તે બાલનો પછી ઉતરેલા બાલને નખ ને નદીમાં નાખી દેવામાં આવે છે. ચાળીસમાં દિવસે બાળકને જન્મ આપનારી સુવાવડી સુવાવડથી છુટે છે. તેને બે ફુટ લાંબી ઘાસની હોડીમાં દીવોને થોડાક ચોખા તથા સોપારી મુકી વાજતે ગાજતે પાણી હોય તા ત્યાં લઈ જાય છે. દીવો સળગાવીને હોડી તરતી મૂકે છે. તે રસમ ખ્વાજા ખિજરનો (પાણીના ફરિશ્તા) આભાર માનવા માટે છે. તવંગર રૂા. ૨૦ થી ૪૦ ખરચ કરે છે. ગરીબ રૂા. ૧ાા થી ૪ સુધી. બાળક સાડાચાર મહિનાનું થાય કે તેને બોટણ કરાવે છે. ગોશ ચૂસાડે છે. ઈરાનીઓ 'નમકમશી' (મીઠું ચખાડવું) કહે છે. સાંજે બાળકને સારા કપડા પહેરાવે છે ને કોઈ તેને રૂપિયા ઉપર ખીર મૂકીને ચટાડે છે. ગોશનો કકડો ચૂસાડે છે. બાળક એકવીસ મહિનાનું થાય ત્યારે તેને ધાવણ મુકાવે છે. કાન વિંધવાની રીત ગુજરાતમાંથી, તવંગરમાં બાળકની સાલગીરીના દિવસે કેટલાકે ખરચ કરવામાં આવે છે. જયારે બાળક ચાર વર્ષ ચાર મહિનાની ચાર દિવસની થાય ત્યારે બિસ્મિલ્લાહની ક્રિયા કરે છે. એ વખતે તવંગર ને ત્યાં સો બસો માણસનું ખાણુ થાય છે. રાતનુ ખાનુ થયા પછી બાળકને ગુંથેલા ફુલની ચાદર 'સહેરો' ઓઢાડી ઉંચે 'મસનદ' પર બેસાડી મીઠાઈ ખવડાવે છે પછી મુલ્લા કુર્આન તો પહેલો બાબ પછી તેની પાસે બોલાવે છે પછી મુલ્લા બાળકના મા બાપની તારીફમાં ઉર્દૂ ગીત ગાય છે. બાળકના માથા પર દુઆના વચન બોલે છે તે જુવાન સ્ત્રીઓ 'આમીન' બોલે છે પછી તેને કુટુંબના પીરની દરગાહ પર ચૂંમવા લઈ જાય છે ત્યાંથી ઘેર આવે કે રૂપા સોનાના સિકકા કાગળમાં વિંટાળી સગાં દોસ્તોને બક્ષિસ આપે

છે. બાળક સ્ત્રીઓને ઓરડામાં જાય છે ત્યાં સૌ તેની બલૈયા લે છે. પછી બાળક ફુલનો ઝભ્ભો કાઢી નાખે છે. બિસ્મિલ્લાહનો ખરચ તવંગર મા રૂા. ૩૦૦ થી ૧૦૦૦ વચલા વર્ગમાં ૧૦૦ થી ૩૦૦ અને ગરીબમાં ૧૦ થી ૨૦ સુધી થાય છે. છઠ્ઠે કે સાતમે વર્ષે સુન્નત 'ખટના' ની ક્રિયા થાય છે. ખરચ તવંગરમાં રૂા. ૧૫૦ થી ૪૦૦ ગરીબમાં રૂા. ૧૦ થી ૨૦ રૂપિયા ઉપલા તથા વચલા વર્ગના સાત આઠ વર્ષે જ છોકરાને રમજાનમાં એક દિવસ ભૂખ્યો રાખે છે અને એમ પહેલા રમજાનની ખુશાલીમાં સગાસ્નેહીઓને ખાનુ આપે છે. કુરાનના પાઠ લેવા બંદા કરવામાં આવે છે ત્યારે શીખવનારને બક્ષીસ 'હદીયો' આપે છે. બાળક થોડાક જણ સામે પઢી બતાવે છે ને પછી રૂપિયા કપડાનું બક્ષીસ અપાય છે.

છોકરાઓની શાદી સોળ ને બાવીસની વચમાં અને છોકરીની શાદી દશથી અઢારની ઉમર સુધીમાં કરે છે. નાતરૂ બે ની પસંદગીથી થાય છે. છોકરા–છોકરી પોતાની મરજી પ્રમાણે શાદી કરતા નથી. છોકરાના ઘરની ઓરતો છોકરીના ઘરે જાય છે છોકરી જુએ છે ઓરતો સાથે વાત કરે છે તેઓને શરબત આપવામાં આવે છે જો છોકરી લેવી હોય તો શરબત પીએ છે જો ન લેવી હોય તો સરબત પીતા નથી.

છોકરીની માંગણી કરવાની નિશાનીમાં તેઓ છોકરીના મોઢામાં સાકર નાંખે છે. વેવીશાળના દિવસે વહેવાઈઓને ઘરે સગાઓ મળે છે. ને એઓ રાતે વાજતે ગાજતે છોકરીને ઘરે જાય છે. ને ત્યાં છોકરીને ઘરેણા પહેરાવે છે કોલની અંગુઠી આંગળીમાં પહેરાવે છે ને દુપટ્ટો ઓરાઢે છે તેમ વહુવાળા એક રૂમાલ એક વીટી, મંડીલ ને મીઠાઈ છોકરા માટે આપે છે તવંગરના વરવાળાને રૂા. ૧૦૦ થી ૩૫૦ સુધીનો છોકરીવાળાને ૫૦ થી ૩૫૦ સુધી વચલા વર્ગને એક માટે રૂા. ૧૦૦ થી ૨૦૦ સુધી બીજાને ૫૦ થી ૮૦ સુધી અને ગરીબ ૫૦ થી ૯૦ સુધી ને ૨૦ થી ૫૦ સુધી ખર્ચ થાય છે. ૧ વર્ષ સુધી વેસવાળ બાદ શાદી થાય છે. તે દરમ્યાન તેહવારોમાં બક્ષિસ મોકલાય છે. શાદીના થોડા દિવસ રહે એટલે કપડા તૈયાર કરાય છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. બે ત્રણ દિવસ પહેલા વર વહુને પોત પોતાના

ઘરે ચણાના લોટમાં સુગંધી તેલ નાંખી ચોળે છે. રંગ રમે છે. શાદીના દિવસે વરવાળા માટલા, મીઠાઈ, મેવા પોશાકના ખુમચા વહુને ઘેર મોકલે છે. ત્યાંથી વરના માટે કપડા મેંદી જહેજનો સામાન વરને ત્યાં આવે છે. બાપ બેટાને ફુલનો હાર (શહેરો) બાંધે છે. વરને ઘોડે બેસાડે છે વર માંડવામાં આવે ત્યારે વહુ વરના ઉપર ચોખા નાંખે છે. માંડવામાં દાખલ થતા વરની સામે સરબત વરને પાય છે. માંડવામાં ઘર પક્ષનાની સામે વહુપક્ષના બેઠેલો હોય છે. કાઝી નિકાહ પઢાવે છે. નિકાહ માટે કન્યાની રજા લેવામાં આવે છે. કાઝી વરને બે શાહેદોની શાહીદીમાં નિકાહ માટે વરને પૂછે છે કાઝી નિકાહનો ખુત્બો પઢી લોકોની હાજરીમાં અને બે શાક્ષીની રજાથી નકકી કરેલી મહેરથી નિકાહ કરી આપે છે શાદીના બીજે દિવસે વરનો બાપ વરના સગા તથા પોતાના સગાઓને વલીમાનુ ખાણુ ખવડાવે છે. તવંગર વરના બાપને ૩૦૦૦ થી ૫૦૦૦ નો ખર્ચ થાય છે, અને વહુવાળાને ૧૨૫૦ થી ૨૨૫૦ સુધી વચલા વર્ગને એકને ૧૨૫૦ થી ૨૨૫૦ સુધી બીજાને ૭૦૦ થી ૧૨૫૦ સુધી ગરીબમાં એકને ૪૦૦ થી ૮૦૦ સુધી બીજાને ૧૫૦ થી ૩૦૦ સુધી ખર્ચ થાય છે.

દહેજમાં કપડા ઘરેણા, સુવાના–બેસવાના ઓરડાનો સામાન, રાંધવાના વાસણ વગેરે હોય છે. એ ઓરતની માલિકીનું ગણાય. તલાક થાય તો તે તેને પાછુ આપી દેવાનું થાય છે. તવંગરો વધારે આપે પણ સાધારણ (મહેર) રીત રૂા. ૧૨૭/– (ફાતિમા બીબીની હતી તેટલી) અથવા રૂા. ૭૫૦/– (આઈશા બીબીની હતી તેટલી રાખવી બહેતર ગણાય છે.)

મોત ઓચિંતુ પરદેશમાં ન થાય તેનું દરેક મુસલમાન ચાહે છે આખરી સમયે કુર્આન તેની સામે પઢવામાં આવે છે. ગુનાહની માફીના માટે બંદગી કરવામાં આવે છે મધના ટીપા તેના મોઢામાં મૂકવામાં આવે છે. જીવ ગયા પછી સારી પેઠે ગરમ પાણીથી ગુસલ આપી ખુશબોવાળા પાટિયા પર મુડદાને સુવાડી ખુશબોદાર સફેદ ચાદર ઓઢાડે છે (કફન) સગા વહાલા તેને છેલ્લુ જોઈ લઈ તે પછી જનાજામાં કલમો પઢતા લઈ જાય છે. મસ્જિદના ચોકમાં જનાજાની નમાઝ પઢી કબ્રસ્તાનમાં ખોડેલી

કબરમાં મૂકવામાં આવે છે માથુ ઉત્તર એવી રીતે કે ચહેરો મકકા તરફ રહે પછી કુર્આન માનુ થોડી પઢી માટી વાળી દેવામાં આવે છે. ત્રીજા દિવસ સુધી ઘરમાં રાંધતા નથી. સગાઓ રાંધેલુ મોકલે છે ત્રીજે દિવસે 'ઝિયારત' કરવામાં આવે છે. કુર્આન પઢી પછી વાયેજ થાય છે. ફુલના ખુમચો ફેરવે છે જેમાંથી હાજર જનો એક એક ફુલ લઈ ખુશ્બો ભરેલા વાસણમાં નાંખે છે. તે પછી કબર પર રેડવામાં આવે છે. દુઆ કરી પછી બધા ઘરે જાય છે. તવંગરમાં અને વચલા વર્ગમાં મોટુ ખાનુ કરે છે. ત્રીજા દિવસનુ ખાનુ ન કરે તો ચાલે પણ ચાલીસાનુ ખાણુ પછી ચોથે, છઠ્ઠે, નવમે મહિને ખસુસ ખાણુ આપવુ જોઈએ. મોટાના મોત નિમિતે તવંગર રૂા. ૬૦૦ થી ૧૨૫૦ નો ખરચ, વચલા વર્ગ ૩૦૦ થી ૬૦૦ અને ગરીબમાં ૧૫૦ થી ૩૦૦ સુધી ખર્ચ થાય છે.

ઓરતો પોતાના પતિના મૃત્યુ બાદ ચાર મહિના દશ દિવસ ઘરની બહાર નીકળતી નથી. હિંદુમાંથી મુસ્લિમ થયેલી ઓરત બંગડી ફોડી નાંખે છે અને સોના રૂપાની ચુડી પહેરે છે. અને ફરી શાદી ન કરે ત્યાં સુધી બંગડી કે નથ પહેરતી નથી ચાળીસ દિવસ સુધી ઘરના સૌ ભોય પર સુએ છે છ મહિના સુધી તહેવાર ઉજવતા નથી. ગાન ગમ્મતમાં સામેલ થતા નથી. મરનાર નજીકનો સગો હોય તો એક વર્ષ સુધી સફેદ પાઘડી પહેરે છે. (સૂરતમાં એમ કરતા નથી.) રંડાયલી જુવાન હોય તો કાળા ને ઘરડી હોય તો સફેદ કપડા પહેરે છે. સુરતમાં રંડાયેલીમાંથી ઘણી બીજી શાદી કરે છે. ભરૂચમાં ઘણા ઓછા ને મહીનદીની ઉત્તરે તો કોઈક જ કરે છે.

મકકા મદીનાની હજ કરવી એ દરેક મુસલમાનને પાળવાની પાંચ ફરજમાંની એક છે સુન્ની મકકા–મદીના જાય છે. શિયા મકકા મદિના અને કરબલા જાય છે. હજનો ખર્ચ સારી હાલત વાળા રૂા. ૨૦૦૦/– થાય છે હજ કરનારા પાછા આવે તો પાક જગાનો સુકો મેવો, ઝમઝમનુ પાણી મકકાની માટી સાથે લાવે છે.